RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 178* Date: 26.04.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

અનેક રાજ્યોમાં લોકડાઉન છતાં સંક્રમણ બેકાબૂ,દર ૧૦ લાખે ૧૧,૯૩૬ લોકો પોઝિટિવ

દેશમાં કોરોના વિસ્ફોટ: ૨૪ કલાકમાં ૩,૪૯,૬૯૧ નવા કેસ, ૨૭૬૭ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૫

દેશમાં કોરોનાનું સંક્રમણ ખૂબ જ બેકાબૂ બની રહ્યું છે અને કોરોનાના કેસમાં દરરોજ ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી દરરોજ ૩ લાખ કરતા પણ વધારે નવા કોરોનાના કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા ૩,૪૯,૬૯૧ નવા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત ૨,૭૬૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૨,૧૭,૧૧૩ લોકો કોરોનાને માત આપીને સાજા પણ થયા છે. દેશમાં મહારાષ્ટ્રમાં કોરોનાના સૌથી વધારે કેસ સામે આવ્યા છે. ત્યાર બાદ ઉત્તર પ્રદેશ, કર્ણાટક, કેરળ અને દિલ્હી તેના પછીના ક્રમે છે. આ ૫ રાજ્યોમાંથી નવા કેસના કુલ ૫૩ ટકા કેસ નોંધાયા છે.

અગાઉ શનિવારે દેશમાં કોરોનાના રેકોર્ડ સમાન ૩,૪૬,૭૮૬ નવા કેસ સામે આવ્યા હતા અને ૨,૬૨૪ દર્દીઓના મોત થયા હતા. આ દરમિયાન ૨,૧૯,૮૩૮ દર્દીઓ સાજા પણ થયા હતા. તેના પહેલા શુક્રવારે પણ દેશમાં કોરોનાના ૩.૩૨ લાખથી વધારે નવા કેસ સામે આવ્યા હતા.

દેશમાં કોરોનાના આંકડામાં ભલે ઘણો વધારો થતો જોવા મળી રહ્યો છે, પરંતુ વસ્તીની દ્રષ્ટિએ, ભારત અત્યારે ઘણી સારી સ્થિતિમાં છે. આ કિસ્સામાં, આપણે વિશ્વમાં ૧૧૯મા ક્રમે છીએ, જ્યાં સૌથી વધુ કેસ આવી રહ્યા છે.

આંકડા પ્રમાણે ભારતમાં દર ૧૦ લાખ વસ્તીમાં ૧૧,૯૩૬ લોકો પોઝિટિવ મળી રહ્યા છે અને ૧૩૬ લોકોના મોત થઈ રહ્યા છે. આટલી જ વસ્તીમાં અમેરિકામાં ૯૮,૦૦૦, બહરીનમાં ૯૬,૦૦૦, ઈઝરાયેલમાં ૯૧,૦૦૦, ફ્રાન્સમાં ૮૩,૦૦૦, બેલ્જિયમમાં ૮૨,૦૦૦, સ્પેનમાં ૭૪,૦૦૦ અને બ્રાઝિલમાં ૬૬,૦૦૦ લોકો પોઝિટિવ મળી રહ્યા છે.

ઉત્તરપ્રદેશમાં ૩૮,૦૫૫ લોકોને સંક્રમણ લાગ્યું હતુ. ૨૩,૨૩૧ લોકો સાજા થયા અને ૨૨૩ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૦ લાખ ૫૧ હજાર ૩૧૪ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૭ લાખ ૫૨ હજાર ૨૧૧ લોકો સાજા થયા છે, જ્યારે ૧૦,૯૫૯ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. જેમાં ૨ લાખ ૮૮ હજાર ૧૪૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

દિલ્હીમાં ૨૨,૬૯૫ લોકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા. ૨૩,૫૭૨ લોકો સ્વસ્થ થયા અને ૩૫૭ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૧૦ લાખ ૦૪ હજાર ૭૮૨ લોકો સંક્રમણની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૮ લાખ ૯૭ હજાર ૮૦૪ લોકો સાજા થયા છે, જ્યારે ૧૩,૮૯૮ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. અહીં ૯૩,૦૮૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

છત્તીસગઢમાં કોરોનાના ૧૬,૭૩૧ કેસ નોંધાયા હતા.

૧૭,૦૨૯ લોકો સ્વસ્થ થયા અને ૨૧૮ લોકો મૃત્યુ પામ્યા. રાજ્યમાં અત્યાર સુધીમાં ૬ લાખ ૩૯ હજાર ૬૯૬ લોકો મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. તેમાંથી ૫ લાખ ૯ હજાર ૬૨૨ લોકો સાજા થયા છે, જ્યારે ૭,૧૧૧ દર્દીઓ મૃત્યું પામ્યા છે. ૧ લાખ ૨૨ હજાર ૯૬૩ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ગુજરાતમાં ૧૪,૦૯૭ લોકોને સંક્રમણ લાગ્યું હતુ. ૬,૪૭૯ લોકો સાજા થયા અને ૧૫૨ લોકો મૃત્યુ પામ્યા હતા. અત્યાર સુધીમાં ૪ લાખ ૮૧ હજાર ૭૩૭ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૩ લાખ ૬૭ હજાર ૯૭૨ લોકો સ્વસ્થ થઈ ગયા છે, જ્યારે ૬,૧૭૧ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. અહીં ૧,૦૭,૫૯૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

મધ્યપ્રદેશમાં ૧૨,૯૧૮ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા હતા. ૧૧,૦૯૧ લોકો સ્વસ્થ થયા અને ૧૦૪ લોકો મૃત્યુ પામ્યા. અત્યાર સુધીમાં ૪ લાખ ૮૫ હજાર ૭૦૩ લોકોને સંક્રમણ લાગ્યું છે. તેમાંથી ૩ લાખ ૯૧હજાર ૨૯૯ લોકો સાજા થયા છે, જ્યારે ૫,૦૪૧ લોકો મરી ગયા છે. અહીં ૮૯,૩૬૩ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

વેક્સિન સાથે સંકળાયેલી અફવાઓ પર ધ્યાન ન આપશો: મોદીની મન કી બાત

ન્યુ દિલ્હી,તા.૨૫

કોરોના વાયરસના વધતા કેસની વચ્ચે પીએમ મોદીએ આજે 'મન કી બાત' કરી. મોદીએ કહ્યું કે કોરોનાની બીજી લહેરે દેશને હચમચાવીને મૂકી દીધો છે. તેમણે કહ્યું કે કોરોના વાયરસ દેશના લોકોનૈ ધીરજ અને દુ:ખ સહન કરવાની મર્યાદાની પરીક્ષા લઇ રહ્યું છે. કેટલાંય લોકોને અસમયે સ્વજનોને ગુમાવ્યા છે. આ સમય હિંમતથી લડાઇ લડવાનો છે.

પીએમ મોદીએ કહ્યું કે રાજયની સરકારો પણ ફરજ નિભાવામાં લાગી ગઇ છે. પૂરી તાકાતની સાથે કોરોનાની સામે લડાઇ લડી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે તમારું અને પરિવારનું ધ્યાન રાખજો.

વડાપ્રધાને કહ્યું કે, કોરોના વાયરસ દેશના લોકોના ધૈર્ય અને દુખ સહન કરવાની પરીક્ષા લઈ રહ્યો છે. અનેક લોકોએ કસમયે પોતાના નજીકના લોકોનો સાથ ગુમાવ્યો છે. આ સમય હિંમતથી લડાઈ લડવાનો છે. રાજયની સરકારો પણ પોતાની જવાબદારી સંભાળવામાં લાગી છે અને પૂરી તાકાત સાથે કોરોના સામે લડવામાં આવી રહ્યું છે. આ સમયે તમારૂં પણ ધ્યાન રાખો અને તમારા પરિવારનું પણ ધ્યાન રાખો.

આ દરમિયાન વડાપ્રધાને મુંબઈના ડોક્ટર શશાંક સાથે પણ વાત કરી હતી. ડો. શશાંકના કહેવા પ્રમાણે લોકો કોરોનાની સારવાર મોડી શરૂ કરે છે. ફોન પર આવે તે બધી વાતો પર વિશ્વાસ મુકી દે છે. ભારતમાં સારવારના બેસ્ટ પ્રોટોકોલ ઉપલબ્ધ છે અને લોકો સાજા થઈ રહ્યા છે. કોરોનાના મ્યુટેન્ટથી ડરવાની જરૂર નથી. આ કોરોના જેટલી ઝડપથી ફેલાઈ રહ્યો છે તેટલી જ ઝડપથી લોકો સાજા પણ થઈ રહ્યા છે. વડાપ્રધાને શ્રીનગરના ડોક્ટર નાવિદ સાથે પણ વાત કરી હતી. ડોક્ટર નાવિદે કોરોના અંગે અનેક મહત્વની જાણકારીઓ શેર કરી હતી. કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને લોકોને ફક્ત નિષ્ણાંતોની વાત પર વિશ્વાસ મુકવા વિનંતી કરી હતી. તેમણે લોકોને ડોક્ટર્સની વાત માનીને જરૂરી ઉપાય અપનાવવા કહ્યું હતું. વધુમાં કહ્યું હતું કે, વેક્સિનના મહત્વથી સૌ કોઈ વાકેફ છે, વેક્સિન સાથે સંકળાયેલી અફવાઓ પર ધ્યાન ન આપશો. યોગ્ય હોય તે બધા જ વેક્સિનેશન સેન્ટર પર જઈને વેક્સિન લગાવડાવે.

મન કી બાતના ૭૫મા સંસ્કરણ માટે લોકોએ ખૂબ જ શુભેચ્છાઓ પાઠવી હતી જેને લઈ વડાપ્રધાને શ્રોતાઓનો આભાર માન્યો હતો. આ એપિસોડમાં તેમણે તાળી-થાળી અંગે પણ ચર્ચા કરી હતી.

અમેરિકન વિદેશ મંત્રી એન્ટોની બ્લિંકને કહ્યું કે તેમની સંપૂર્ણ સહાનુભૂતિ ભારતીય લોકોની સાથે છે.

સંકટમાંથી બહાર કાઢવા માટે હવે અમેરિકા પણ ભારતને મદદ કરશે

રશિયાએ ભારતમાં રેમડેસિવીર અને ઓક્સિજન સપ્લાય કરવાની ઓફર કરી છે.



વોશિંગ્ટન,તા.૨૫

કોરોના વાયરસથી સર્જાયેલી મહામારી પર ભારતની મદદ ના કરવા પર ઘેરાયેલ અમેરિકાએ પહેલી વખત મોં ખોલ્યું છે. અમેરિકન વિદેશ મંત્રી એન્ટોની બ્લિંકને કહ્યું કે તેમની સંપૂર્ણ સહાનુભૂતિ ભારતીય લોકોની સાથે છે.

અમે ભારત સરકારની સાથે મળીને કામ કરી રહ્યા છીએ. બીજી બાજુ અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને પણ ભારતના પ્રત્યે સંવેદના દેખાડતા ઝડપથી મદદ કરવાની ખાતરી આપી છે.

એન્ટની બ્લિંકને કહ્યું કે ભારતમાં ફેલાયેલા વિશાળ કોવિડ ચેપને ધ્યાનમાં રાખીને અમે ભારતની સાથે મજબૂતીથી ઉભા છીએ. અમે આ મામલે અમારા ભાગીદાર ભારત સરકાર સાથે મળીને કામ કરી રહ્યા છીએ. ભારત અને ભારતીય આરોગ્ય કર્મચારીઓની મદદ કરવા માટે અમે વધુને વધુ સહાયતા પ્રદાન કરીશું. બીજીબાજુ યુએસના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને કહ્યું કે યુએસ ભારતમાં કોરોનાના પ્રકોપને ફાટી નીકળતા ખૂબ જ ચિંતિત છે. અમે અમારા મિત્ર અને સાથીદાર ભારતને વધુ પુરવઠો અને સહાય આપવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છીએ. આનાથી તેઓ ભીષણ મહામારી સામેબહાદુરીથી લડાઇ કરી શકશે. બીજું ઘણુબધું ખૂબ જ જલ્દીથી થશે.

અમેરિકાના બે ઉચ્ચ અધિકારીઓના સતત બે નિવેદનો પછી બાઇડન વહીવટીતંત્ર કોવિડ રસી બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા કાચા માલની નિકાસ પરનો પ્રતિબંધ હટાવશે તેવી સંભાવના છે. ભારતીય વિદેશમંત્રી એસ. જયશંકરે પણ રસીના કાચા માલ વિશે યુએસના વિદેશ મંત્રી એન્ટોની બ્લિંકન સાથે અનેક વાટાઘાટો કરી છે. ભારતીય વિદેશ સચિવ હર્ષ શ્રૃંગલાએ અમેરિકાના નાયબ સચિવ વેન્ડી શેરમનને પણ આ પ્રતિબંધોને દૂર કરવા વિનંતી કરી છે.

રશિયાએ ભારતમાં રેમડેસિવીર અને ઓક્સિજન સપ્લાય કરવાની ઓફર કરી છે. લદ્દાખને લઈને ચાલી રહેલા તણાવની વચ્ચે પણ ચીને ભારતને કોરોનાને નાથવા માટે મદદની ઓફર કરી છે. જોકે, ભારત દ્વારા કોઈ પણ દેશને સહાય માટે કોઈ ઔપચારિક સહમતિ આપવામાં આવી નથી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કોરોના સામે લડતા ભારતીયોને એકતાનો સંદેશ આપ્યો છે અને મદદ કરવાની ઓફર કરી છે. ઘણા અમેરિકન ધારાસભ્યોએ પણ ભારત વિશે શોક વ્યક્ત કર્યો છે.

ઓક્સિજનની સમસ્યા, ૫૫૧ નવા ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવશે

ન્યુ દિલ્હી,તા.૨૫

દેશમાં કોરોનાનો પ્રકોપ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આજે પણ કોરોનાના નવા ૩.૪૯ લાખથી વધુ નવા દર્દીઓ નોંધાયા. આ દરમિયાન હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. દવાઓ અને ઓક્સિજનની અછત જોવા મળી રહી છે. આ બધા વચ્ચે પીએમ મોદીએ ઓક્સિજનની સમસ્યા પર મોટો નિર્ણય લીધો છે.

મળતી માહિતી મુજબ દેશમાં ૫૫૧ નવા ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં આવશે. આ માટે પીએમ કેયર્સ ફંડમાંથી ગ્રાન્ટ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે આ ઓક્સિજન પ્લાન્ટ માટે મંજૂરી આપી દીધી છે. આ પ્લાન્ટ સરકારી હોસ્પિટલોની અંદર લગાવવામાં આવશે. પીએમ મોદી આ પ્લાન્ટને જેમ બને તેમ જલદી કાર્યરત કરવાના આદેશ આપ્યા છે. આ કાર્ય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા હાથ ધરાશે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના નવા ૩,૪૯,૬૯૧ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૬૯,૬૦,૧૭૨ પર પહોંચ્યો છે. જેમાંથી ૧,૪૦,૮૫,૧૧૦ દર્દીઓ રિકવર થયા છે જયારે ૨૬,૮૨,૭૫૧ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૭૬૭ દર્દીઓના મોત થયા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૯૨,૩૧૧ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ દેશભરમાં અત્યાર સુધીમાં ૧૪,૦૯,૧૬,૪૧૭ લોકોને રસી આપવામાં આવી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૪૨૯૬

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૯૬૦૩૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૫૭

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૬૭૨૭

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૭૪૬૯૯

કોંગ્રેસી નેતાઓને તમામ કામ છોડી જનતાની મદદ કરવા આપ્યા આદેશ

'સિસ્ટમ ફેલ થઈ ગઈ છે, હવે જન કી બાત કરો' -રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૨૫

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રવિવારે કૉંગ્રેસના તમામ કાર્યકરોને કહ્યું કે સિસ્ટમ નિષ્ફળ ગઈ છે અને તેથી જ તેઓ તમામ રાજકીય પ્રવૃત્તિઓ છોડી દે અને કોરોના વાયરસ સામેના આ યુદ્ધમાં લોકોને મદદ કરે. તેમણે કહ્યું કે, આ સમય લોકોની સુખાકારી વિશે વાત કરવાનો છે. કારણ કે, 'સિસ્ટમ' સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. કેરળના વાયનાડના કૉંગ્રેસના સાંસદએ આ ટ્વિટ એવા સમયે કર્યું છે.

જયારે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના રેકોર્ડ બ્રેક ૩,૪૯,૬૯૧ નવા કેસ નોંધાયા છે. એટલું જ નહીં, દેશમાં આ વાયરસને કારણે પ્રથમ વખત ૨૭૬૭ લોકોએ જીવ ગુમાવ્યો છે.

રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું, 'સિસ્ટમ નિષ્ફળ છે, તેથી જનહિતની વાત કરવી મહત્વપૂર્ણ છે: આ કટોકટીમાં દેશને જવાબદાર નાગરિકોની જરૂર છે. હું મારા કૉંગ્રેસના સાથીઓને વિનંતી કરું છું કે, તમામ રાજકીય કાર્ય છોડી દે અને ફક્ત જનતાને મદદ કરે, દેશવાસીઓના દુખને દૂર કરવામાં મદદ કરે. આ કૉંગ્રેસ પરિવારનો આ જ ધર્મ છે.

આના એક દિવસ પહેલા શનિવારે ચેપના કેસમાં સતત વધારો થવાના કારણે કૉંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ શનિવારે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે પ્રચાર અને બિનજરૂરી પ્રોજેક્ટ્સ પર ખર્ચ કરવાને બદલે, રસી, ઓક્સિજન તથા અન્ય સ્વાસ્થ્ય સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

તેમણે ટ્વીટ કર્યું, × કેન્દ્ર સરકારને અપીલ છે કે, પીઆર અને બિનજરૂરી પ્રોજેક્ટ્સ પર ખર્ચ કરવાને બદલે રસીઓ, ઓક્સિજન અને અન્ય આરોગ્ય સેવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે.×

તંત્રી સ્થાનેથી...

શ્વાસ લેવામાં મુશ્કેલી હોય તો આ વાતોનું અચૂક ધ્યાન રાખો

કોરોના વાયરસની બીજી લહેરે આખા દેશમાં હડકંપ મચાવી દીધો છે. હોસ્પિટલોમાં બેડ અને ઓક્સિજનની કમીથી પણ દર્દીઓની હાલત ખરાબ છે. તેવામાં હેલ્થ ઓથોરિટીએ લોકોને ઘરે જ શક્ય હોય તો રિકવર થવાની સલાહ આપી રહી છે. ડોક્ટર્સનું પણ કહેવું છે કે શ્વાસ લેવામાં તકલીફ થતા દરેક લોકોએ હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી. જો ઓક્સિમીટર પર ઓક્સિજન લેવલ સતત ૯૦ની નીચે જઈ રહ્યું હોય તો જ હોસ્પિટલ જવાની જરૂર છે. તે સિવાય જે લોકોને શ્વાસમાં તકલીફ થઈ રહી છે તેમણે કેટલીક સાવધાની રાખવાની જરૂર છે.

એક રિપોર્ટ પ્રમાણે, શરીરમાં ઓક્સિજનની કમી થવા પર ગેસ સ્ટવ, મિણબત્તી, ફાયરપ્લેસ, વીજળી અથવા ગેસ હીટર જેવી વસ્તુઓની નજીક જવું જોઈએ નહીં. તેમનાથી ૫ ફૂટની દૂરી બનાવી રાખવી જોઈએ. આવી વસ્તુઓની નજીક જવાથી તમારી મુશ્કેલી વધી શકે તેમ છે. પેઈન્ટ થિનર, એરોસોલ સ્પ્રે, ક્લિનીંગ ફ્લુડ જેવા ફ્લેમેબલ પ્રોડક્ટસનો બિલ્કુલ ઉપયોગ કરવો જોઈએ નહીં. તે સિવાય પેટ્રોલિયમ, ઓઈલ, ગ્રીસ બેસ્ડ ક્રીમ અથવા વેસેલિન જેવા કોઈ પણ પ્રોડક્ટને છાતી અથવા શરીરના કોઈ ભાગ પર લગાવવા ન જોઈએ. જો તમને શ્વાસ લેવામાં થોડી પણ મુશ્કેલી થતી હોવાનું લાગી રહ્યું છે તો ભૂલથી પણ સિગરેટ પીવી જોઈએ નહીં. અહીં સુધી કે સિગરેટ-બીડી પીનારા લોકોથી પણ દૂર રહેવું જોઈએ. એટલું જ નહીં, ઘરમાં ઉપયોગ થનારી કેમિકલથી બનેલી અગરબત્તી અથવા ધૂપબત્તીના સંપર્કમાં આવવું જોઈએ નહીં.

જો તમે ઓક્સિજન કોન્સનટ્રેટર્સનો ઉપયોગ કરી રહ્યા છો તો તમારા દરવાજા અને બારીઓ ખુલ્લી રાખો. ઓક્સિજન કોન્સનટ્રેટર્સ આસપાસની હવાને ભેગી કરીને ઓક્સિજન બનાવે છે. કોન્સનટ્રેટર્સ હવાથી નાઈટ્રોજનને કાઢીને ઓક્સિજન બનાવે છે અને તેને દર્દીના શરીર સુધી પહોંચાડે છે. તાજી હવા મળવા પર કોન્સનટ્રેટર્સ તમારું કામ વધારે સરળ કરી દેશે.

છોડવાઓ વ્યક્તિઓથી વિપરીત હોય છે. તેઓ કાર્બન ડાયોક્સાઈડ લઈને ઓક્સિજન બનાવે છે. જો તમે હોમ ક્વોરન્ટાઈન હોવ તો તમારા રૂમમાં કેટલાંક સારા ઈન્ડોર પ્લાન્ટની વ્યવસ્થા કરી લો. આમ કરવાથી હંમેશા તમને ફ્રેશ એરની વચ્ચે રહેશો.

કેટલીક ખાસ એક્સરસાઈઝ પણ આપણી રેસ્પિરેટરી એબિલીટીને દુરસ્ત કરવામાં મદદગાર થાય છે. જેમ જેમ તમારું ઓક્સિજન લેવલ વધશે તેમ તમારા ફેફસાંમાં જતા ઓક્સિજનનું લેવલ પણ વધતું જશે. આથી એક્સપર્ટની સલાહ પ્રમાણે એવી એક્સરસાઈઝ રોજ કરવી જોઈએ.

જો તમને કોરોના થયો હોય તો તમારે પોતાની બોડીને ડિહાઈડ્રેટ થવા દેવી જોઈએ નહીં. પાણીનું વૈજ્ઞાનિક સૂત્ર ૩૦ છે. અહીં ઓનો મતલબ ઓક્સિજન છે. મતલબ કે શરીરમાં પાણીની પૂરતી ઓક્સિજનની કમી થવા દેતું નથી. આથી પહેલાથી તૈયાર રહો અને ડિહાઈડ્રેશનથી બચવા માટે પર્યાપ્ત પાણી પીવું જોઈએ.

રોજ નિયમિત રીતે મેડિટેશન કરવું જોઈએ. તમારા શ્વાસ પર ફોકસ કરો. દિવસમાં કેટલીક મિનિટો સુધી લાંબા શ્વાસ લેવાની પ્રેક્ટીસ કરવાથી તમને જરૂરથી ફાયદો થશે. તેનાથી ન માત્ર તમારા વિવિધ અંગોને ઓક્સિજન મળશે પરંતુ તેનાથી તમારો તણાવ પણ ઓછો થશે. ઓક્સિજન યુક્ત ખોરાક પણ શરીરમાં ઓક્સિજનનું લેવલ કંટ્રોલ કરવામાં મદદ કરે છે. તમારે વધુમાં વધુ લીલા શાકભાજી અને ફળો ખાવા જોઈએ. તમે કેલ, બ્રોકલી પણ ખાઈ શકો છો. ખાવામાં સોડિયમ ડાયેટનું સેવન કરવું જોઈએ. મીઠું કિડની અને લોહીમાં જનારા ઓક્સિજનને વધારવામાં મદદ કરે છે. આ સિવાય વધારે મુશ્કેલી થવા પર ડોક્ટરની સલાહ અવશ્ય લેવી જોઈએ.

ભારતમાં ટૂંક સમયમાં આવશે નાકથી અપાતી રસી

ન્યુ દિલ્હી,તા.૨૫

ભારતને ટૂંક સમયમાં નાક દ્વારા આપવામાં આવતી કોરોના રસી મળી શકે છે. ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયાએ થોડા દિવસ પહેલા હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક કંપનીની નાકથી આપવામાં આવતી રસીના પ્રથમ તબક્કાને પરીક્ષણને મંજૂરી આપી હતી. જેને લઈ ભારત બાયોટેકના એમડી ડો. ક્રિષ્ના એલ્લાએ એક ચેનલ સાથે એક્સક્લુસિવ વાત કરી હતી.

સોય દ્વારા આપવામાં આવતી રસી ફક્ત નીચલા ફેફસાં, ઉપલા ફેફસાં અને નાક સુધી જ સુરક્ષિત નથી હોતી. રસી અપાયેલા લોકોને ચેપ લાગી શકે છે. પરંતુ રસી તમને હોસ્પિટલમાં દાખલ થવામાં રોકે છે. તમને ૨-૩ દિવસ સુધી તાવ આવે છે. પરંતુ મૃત્યુદરમાં ઘટાડો થશે.

નાક દ્વારા આપવામાં આવતી રસી રસ્તામાં જ છે. અમારી પ્રથમ તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે અને ૮ મે છેલ્લી તારીખ છે. અમે (ભારત બાયોટેક) નાકની રસી લઈને આવનાર વિશ્વના પ્રથમ હોઈશું. અમે નાકની રસીના ડેટાની રાહ જોઈ રહ્યા છીએ. જો નિયમનકારો મદદ કરે તો અમે યુએસ અને ચીન તરફથી સ્પર્ધા હોવા છતાં આપણે પ્રથમ હોઈશું, તેમ કૃષ્ણ એલ્લાએ ઉમેર્યું.

નાકની રસીની કામગીરી અને તેને કેવી રીતે આપવામાં આવશે તેની વિગત આપતા તેમણે કહ્યું કે, ×જો તમે નાકની રસીનો એક ડોઝ લો તો તમે ચેપને બ્લોક કરી શકો છો અને ત્યાંથી ટ્રાન્સમિશન ચેઇનને બ્લોક કરી શકો છો. તે પોલિયોના ૪ ટીપા જેવું છે, જેમાં બંને નસખોરામાં બે-બે ટીપા નાંખવામાં આવશે.

ડબ્લ્યુએચઓ જેવી વૈશ્વિક સંસ્થાઓ પણ નાક દ્વારા આપવામાં આવતી રસીને સેકન્ડ જનરેશનની રસી તરીકે ખાતરી આપી રહ્યા છે. ઈંજેક્શન દ્વારા અપાતી રસી ચેપ રોકી શકતી નથી. અમે નાકની રસીને લઈ વૈશ્વિક ધોરણે સમજૂતી કરીશું, તેમ જણાવ્યું હતું.

કોરોના-રસીના ડોઝનો વૈશ્વિક આંકડો ૧-અબજ પર પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૨૫

દુનિયાભરમાં એક વર્ષથી પણ વધારે સમયથી હાહાકાર મચાવી રહેલા કોરોનાવાઈરસ રોગચાળાને અંકુશમાં રાખવા માટે તમામ દેશોમાં નાગરિકોને આ વાઈરસ-વિરોધી રસી આપવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ભારત પણ એમાં બાકાત નથી. કોરોના-રસીના ડોઝની સંખ્યા વિશ્વસ્તરે ગઈ કાલે એક અબજના આંકને પાર કરી ગઈ છે. આ સાથે એવી આશા બળવત્તર થઈ છે કે આ રોગચાળાને વહેલી તકે અંકુશમાં લાવી શકાશે. એએફપી સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ, દુનિયાના ૨૦૭ દેશો અને પ્રદેશોમાં શનિવાર, ૨૪ એપ્રિલ સુધીમાં ઓછામાં ૧,૦૦,૨૯,૩૮,૫૪૦ લોકોને કોરોના-વિરોધી રસી આપવામાં આવી ચૂકી છે. જોકે બીજી બાજુ આ મહાબીમારીના દૈનિક કેસના આંકડાએ પણ એક નવો વિક્રમ બનાવ્યો છે અને એનું મુખ્ય કારણ ભારતમાં આ રોગાચાળાનો થયેલો વિસ્ફોટક ફેલાવો છે. ગયા શુક્રવારે નવા કોરોના દર્દીઓનો આંકડો ૮,૯૩,૦૦૦ નોંધાયો હતો. ભારતમાં ગઈ કાલે નવા ૩,૪૬,૭૮૬ કેસ નોંધાયા હતા.

મોદી સરકારે મહારાષ્ટ્રને આપી ૪.૩૫ લાખ રેમડેસિવિરની મંજૂરી

ન્યુ દિલ્હી,તા.૨૫

દેશમાં કોરોનાવાયરસનું સંક્રમણ ખતરનાક રૂપ લેવા લાગ્યું છે. કોરોનાથી થનાર મોતનો આંકડો દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યું છે. કોરોના સંક્રમણથી થનાર મોતને રોકવા માટે રેમડેસિવિર ઈન્જેકશનની ડિમાન્ડ વધી રહી છે. આ સંબંધમાં મહારાષ્ટ્ર સરકારે કેન્દ્રને રેમડેસિવિરનું સપ્લાય વધારવાની માંગણી કરી હતી. કેન્દ્ર સરકારે હવે મહારાષ્ટ્રની મદદ માટે રેમડેસિવિરના સપ્લાય માટે મંજૂરી આપી દીધી છે. માહિતી મળી છે કે કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર માટે રેમડેસિવિરની ૪.૩૫ લાખ વાયલની મંજૂરી આપી દીધી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી ખુશ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો છે અને તેમને ધન્યવાદ કહ્યું છે.

ઠાકરેએ કહ્યું કે હાલ ૨.૬૯ લાખ વાયલ હતા જેને વધારી ૪.૩૫ લાખ વાયલ કરાયા છે. રાજયમાં રેમડેસિવિરની દવા મોકલવાને લઈ કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલયની તરફથી આ સંબંધમાં એક પત્ર પ્રાપ્ત થયો છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત વધતી જઈ રહી છે. રાજયમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૪૨ લાખને પાર છે. કુલ કેસ ૪૨,૨૮,૮૩૬ છે. છેલ્લાં ૨૪ કલાકમાં રાજયમાં ૬૭૧૬૦ નવા કેસ સામે આવ્યા છે. તો ૬૭૬ લોકોના મોત થયા છે. સારવાર બાદ ૬૩૮૧૮ દર્દીઓને સારવાર બાદ ઘરે મોકલાયા છે.

ઓરિસ્સા કોરોના સામેની લડાઈમાં રાષ્ટ્રીય સ્તરે મદદ કરશે : નવિન પટનાયક

ભુવનેશ્વર,તા.૨૫

ભારતમાં કોરોના વાયરસના કારણે સ્થિતિ ગંભીર બની છે. કોરોનાનો નવો સ્ટ્રેન ઘાતક સાબિત થતાં દેશમાં કોરોના કેસોની સંખ્યામાં ધરખમ વધારો થઈ રહ્યો છે. સ્થિતિ એવી બની છે કે દર્દીઓને હોસ્પિટલોમાં બેડ નથી મળી રહ્યા, સાથે જ ગંભીર દર્દીઓને ઓક્સિજનની અછત સર્જાઈ રહી છે. જેના કારણે દેશની ઘણી હોસ્પિટલોમાં કોરોના દર્દીના મોત થયા છે. દેશની સ્વાસ્થ્ય વ્યવસ્થા એટલી નબળી બની છે કે ડૉક્ટરો પણ અસહાય મહેસૂસ કરી રહ્યા છે. ભારતનાં ઘણાં રાજયોમાં ઓક્સિજન સંકટ વધી રહ્યું છે.

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરે સુનામીનું રૂપ ધારણ કરી લીધું છે. જુદા જુદા રાજયોની હોસ્પિટલોમાંથી ઓક્સિજન ખતમ થવાની ખબરો સામે આવી રહી છે. ઓક્સિજનની અછતા કારણે દર્દીઓના મોત થઈ રહ્યા છે. એવામાં ઓરિસ્સા સરકાર અને ઉદ્યોગપતિ નવીન જિંદાલે ઘણાં રાજયોમાં ઓક્સિજન સપ્લાઈ પૂરી પાડવાનું વચન આપ્યું છે.

ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે ૨૨ એપ્રિલના રોજ પ્રધાનમંત્રી મોદી સાથે વાત કરી અને બાકીના રાજયોને મદદ કરવાની વાત કહી છે. ઓરિસ્સાની ઝસ ઓફિસ દ્વારા ટ્વીટ કરવામાં આવી કે, કોરોનાની સેકન્ડ વેવ એક યુદ્ધ જેવી સ્થિતિ છે. ઓરિસ્સા કોરોના સામેની લડાઈમાં રાષ્ટ્રીય સ્તરે મદદ કરશે. જેના હેઠળ ઓક્સિજનનું ઉત્પાદન પણ સામેલ છે, જેથી આ ઈમરજન્સી સ્થિતિમાં અન્ય રાજયોને મદદ કરી શકાય. જેના હેઠળ મહારાષ્ટ્ર અને દિલ્હીને ઓક્સિજન પૂરો પાડવામાં આવ્યો હતો. ત્યાર બાદ બંને મુખ્યમંત્રીઓએ નવીન પટનાયકનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઓરિસ્સાની સત્તાધારી પાર્ટી બીજૂ જનતા દળનો કોઈ રાજય અને રાષ્ટ્રીય રાજકારણમાં એટલી મોટી દખલગીરી નથી કે આ મદદ પછી નવીન પટનાયક રિટર્નમાં કોઈ મદદની આશા રાખે. જે રાજયોમાં ઓક્સિજનની અછત છે ત્યાં સરળતાથી ઓક્સિજન પહોંચી શકે એ માટે રાજયની પોલીસે ગ્રીન કોરિડોર બનાવ્યો છે. જેનો અર્થ છે કે ઓક્સિજન લઈ જનારા વાહનોની વચ્ચે કશે પણ જામ કે ટ્રાફિક થશે નહીં.

૨૨ એપ્રિલના રોજ સાંજે ઓરિસ્સાના અંગુલથી ૨૦ ટન મેડિકલ ઓક્સિજનનો પહેલો કંસાઈનમેન્ટ વિશાખાપટ્ટનમ માટે મોકલાયો. તેના બીજા દિવસે સવારે પણ બે વધુ ટેક્કર રવાના થયા. ઓરિસ્સા પોલીસે ટ્વીટ કરી રહ્યું, પોલીસ આ કામ માટે એક ડેડીકેટેડ કોરિડોર બનાવી રહ્યા છે. અમે ઝડપથી સપ્લાઈ મળી રહે તે માટે કટિબદ્ધ છે જેથી હજારો જરૂરિયાતમંદોને સેવા મળી રહે.

અંગુલથી વિશાખાપટ્ટનમ જનારા ઓક્સિજન સપ્લાઈને જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ પૂરો પાડી રહ્યા છે. કંપનીના મુખિયા નવીન જિંદાલે ટ્વીટ કરી કહ્યું, અમારા અંગુલ પ્લાન્ટ પર ૫૦૦ ટનથી વધારે લિક્વિડ ઓક્સિજન તૈયાર છે. આ ઉપરાંત જે સરકારોને જરૂરત છે તેમને અમે રોજ ૧૦૦ ટન લિક્વિડ ઓક્સિજન ઉપલબ્ધ કરાવી શકીએ છીએ. અમે ૨૨ એપ્રિલના રોજ ૨૦ મેટ્રિક ટન લિક્વિડ ઓક્સિજન તેલંગણા મોકલ્યો છે. ૨૩ એપ્રિલના રોજ ફરી અમે તેલંગણા અને મધ્ય પ્રદેશની સાથે સાથે દિલ્હી દ્રઝઈના મેદાંતા, અરટેમિસ અને બત્રા હોસ્પિટલ માટે ઓક્સિજન મોકલ્યા.

જિંદાલે પોતાની ટ્વીટમાં લખ્યું કે, અમે રાહ જોઈ રહ્યા છીએ કે જરૂરતમંદો પોતાના ટેક્કર મોકલે. અમે વહેલા તે પહેલાના આધારે કે સ્ટીલ મંત્રાલય દ્વારા નક્કી કરવામાં આવેલી પ્રાથમિકતા અનુસાર તેને ભરી શકીએ છીએ.

દિલ્હીમાં એક સપ્તાહ માટે લંબાવાયું લોકડાઉન, હવે ૩ મે સુધી તાળાબંધી

ન્યુ દિલ્હી,તા.૨૫

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કોરોનાની વિકરાળ સ્થિતિને જોતા લોકડાઉનને લંબાવાની જાહેરાત કરી. દિલ્હીમાં ૩ મે સુધી લોકડાઉન ગાઈડલાઈન્સમાં કોઈ ફેરફાર કરાશે નહીં. અત્યારે ચાલી રહેલા નિયમો આગળ લાગૂ રહેશે. અત્યારની જેમ જ છૂટ અને પ્રતિબંધો રહેશે. આજે સવારે ૫ વાગ્યે ખત્મ થઈ રહેલા ૬ દિવસના લોકડાઉનને લંબાવી દીધું. એક રીતે છેલ્લું હથિયાર છે કોરોના સામે ડીલ કરવા માટે. હજુ પણ કોરોનાનો કહેર ચાલુ છે. આ ઓછો થયો નથી. આથી પ્રજાની સાથે વાત કરવાની કોશિશ કરી. બધાનો મત છે કે લોકડાઉનને વધારવું જોઈએ. આથી એક સપ્તાહ માટે લોકડાઉનને વધારવામાં આવી રહ્યું છે તેવી જાહેરાત કેજરીવાલે કરી. અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું કે, દિલ્હીમાં કોરોનાના કેસમાં ખૂબ વધારો થઈ રહ્યો છે. આ કારણે દિલ્હીમાં લોકડાઉન લાગુ કરવું ખૂબ જરૂરી બની ગયું હતું. મુખ્યમંત્રીના કહેવા પ્રમાણે કોરોનાનો સામનો કરવા માટે લોકડાઉન અંતિમ હથિયાર છે. જે રીતે કેસ વધી રહ્યા હતા તે જોતા અંતિમ હથિયારનો ઉપયોગ કરવો જરૂરી બની ગયું હતું.

મુખ્યમંત્રી કેજરીવાલે જણાવ્યું કે, હજુ પણ કોરોનાનો કહેર ચાલુ છે. આ કારણે અમે રાજયમાં લોકડાઉન વધારવાનો નિર્ણય લીધો છે. આગામી ૩ મેની સવારના ૫:૦૦ વાગ્યા સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમણે દિલ્હીમાં વર્તાઈ રહેલી ઓક્સિજનની તંગી અંગે પણ ચર્ચા કરી હતી. દિલ્હીમાં પોઝિટિવિટી રેટ ૩૨ ટકાથી ઉપર ચાલી રહ્યો છે, ઓક્સિજનનું સંકટ વર્તાઈ રહ્યું છે અને બેડ્સની પણ તંગી છે માટે સરકાર પાસે લોકડાઉન લંબાવવા સિવાય કોઈ વિકલ્પ નથી બચ્યો.

૧૪ મિત્રોએ ઓક્સિજન બેંક સ્થાપિત કરીને ૫૦થી વધુના જીવ બચાવ્યા

મુંબઈ,તા.૨૫

કોરોના મહામારી વચ્ચે માનવતાનો ધર્મ મોખરે આવી ગયો છે. મુંબઈમાં ૧૪ મિત્રોની ટીમે ઓક્સિજન ટેક બનાવીને ૫૦થી વધુ લોકોના જીવ બચાવ્યા હતા. તો બીજી બાજુ ૨૦ લોકોની ટીમ અત્યારે કોરોના પોઝિટિવ દર્દીઓના ઘરે સવાર-સાંજ બે ટાઈમનું ભોજન પહોંચાડી રહી છે.

ઑટોમોટિવ સેક્ટરમાં કાર્યરત ૫૨ વર્ષીય રંજન પૉલનું ઓક્સિજન લેવલ ૧૪ એપ્રિલના રોજ ૯૪થી ઘટવા આવ્યું હતું. એક કલાકમાં તે ઘટીને ૭૭ થઈ ગયું હતું. પરિવારજનોને લાગ્યું કે આમને નહીં બચાવી શકાય. તેઓએ મહારાષ્ટ્ર-ઉડિયા વેલફેર એસોસિએશનના ટ્રસ્ટિઓમાંથી એક મનોજ કુમારને ફોન લગાવ્યો હતો.

તેઓએ કોરોના હેલ્થ ગ્રુપ એસોસિએશન અને વર્લ્ડ એગ્રોફેર ફાઉન્ડેશન સાથે સંપર્ક સાધ્યો હતો. આ અંગે તેઓને વ્હોટ્સએપમાં જાણકારી પ્રાપ્ત થઈ હતી. મનોજની ઓળખાણમાં રશ્મીકાંત મહાપાત્રા પણ આમાં જોડાયા હતા. એમની મદદથી રંજનને ઓક્સિજનની સેવા પૂરી પાડવામાં આવી હતી. ઓક્સિજન પર રાખીને એમના માટે હોસ્પિટલમાં બેડની સેવા ઉપલબ્ધ કરાવવાની કોશિશ હાથ ધરાઈ હતી. આ દરમિયાન તેમનું ઓક્સિજન લેવલ ૯૨-૯૩ થઈ ગયું હતું અને એમનો જીવ બચી ગયો હતો.ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, પ્રોપર્ટી ડીલરો અને અન્ય વ્યવસાયો સાથે સંકળાયેલા ૧૪ મિત્રોએ ઓક્સિજન બેંકની શરૂઆત કરી છે. કેટલાકે ૨૦ અને કેટલાકે ૨૫ લાખ રૂપિયા આપ્યા હતા. રશ્મીકાંત મહાપત્રાએ કહ્યું હતું કે કોરોનાની બીજી વેવ દરમિયાન, અમારા જૂથના સભ્યનું સમયસર ઓક્સિજનના અભાવને કારણે મૃત્યુ થયું હતું. આ ઘટના પછી, અમે મિત્રોએ ઓક્સિજન બેંક બનાવવાનું નક્કી કર્યું હતું.

મુંબઈ મનપા હવામાં ૪૩ મેટ્રિક ટન ઓક્સિજનનું ઉત્પાદન કરશે

મુંબઈ,તા.૨૫

ઑક્સિજનની સતત વધી રહેલી માગણી વચ્ચે મુંબઈ મહાનગરપાલિકાએ હવે જાતે ઑક્સિજનનું ઉત્પાદન કરવાનો નિર્ણય લીધો છે, તે મુજબ ૧૨ હૉસ્પિટલમાં કુલ ૧૬ ઑક્સિજન ઉત્પાદન કરવાનો પ્રોજેક્ટ આગામી એક મહિનામાં ઊભા કરવામાં આવવાનો છે. હવામાંથી ઑક્સિજનનું ઉત્પાદન કરીને દરરોજ ૪૩ મેટ્રિક ટન ઑક્સિજન તૈયાર કરવામાં આવશે, તેથી મુંબઈના કોરોનાના દર્દીને રાહત મળવાની શકયતા છે.

કોરોનાની બીજી લહેરમાં ઑક્સિજનની જરૂરિયાત રહેલા દર્દીની સંખ્યા વધી રહી છે. અસરગ્રસ્ત દર્દીઓના ફેંફસામાં લાગનારો ચેપ વધુ હોવાથી તેને વધુ ક્ષમતાએ (લિટર પ્રતિ મિનિટ) ઑક્સિજન આપવો પડે છે પણ ઑક્સિજન ઉત્પાદક અને ટ્રાન્સ્પોર્ટેશનની ક્ષમતા અને ઑક્સિજન ઉત્પાદન, પુરવઠો વગેરેમાં રહેલી મર્યાદાને કારણે માગણી અને પુરવઠા વચ્ચે તાલ-મેલ લાવવામાં રાજય સરકાર અને પાલિકા પ્રશાસનને નાકે દમ આવી ગયો છે.

તેની અસર મુંબઈને મોટા પ્રમાણમાં થઈ છે. છેલ્લા થોડા દિવસથી ખાનગી અને પાલિકા હૉસ્પિટલમાં ઑક્સિજન પૂરો થઈ જવાથી દર્દીઓને અન્ય હૉસ્પિટલમાં સ્થળાંતર કરવા પડી રહ્યા હોવાના બનાવ બની રહ્યા છે. તેથી પાલિકા અને તબીબી યંત્રણા પર તાણ વધી રહી હોવાથી પાલિકાની હૉસ્પિટલમાં જાતે જ ઑક્સિજનનું ઉત્પાદન કરવાનો પ્રોજેક્ટ ઊભો કરવાનો નિર્ણય પાલિકા કમિશનર ઈકબાલસિંહ ચહલે લીધો છે.

આ પ્રોજેક્ટ ઓછામાં ઓછા ૧૫ વર્ષ અને વધુમાં વધુ ૩૦ વર્ષ ચાલી શકશે. કુલ ખર્ચ અંદાજે ૯૦ કરોડ રૂપિયા જેટલો અપેક્ષિત છે. આ પ્લાન્ટમાંથી નિર્માણ થનારા ઑક્સિજનનો પ્રતિ ઘનમીટર દર લિક્વિડ ઑક્સિજન દર જેટલો જ છે. તો જમ્બો સિલિન્ડરની તુલનામાં અર્ધાથી પણ ઓછો છે. તેથી પાલિકાના આર્થિક ખર્ચમાં બચત થશે.

પાલિકાની વિવિધ હૉસ્પિટલમાં, કોવિડ સેન્ટરમાં ઑક્સિજન નિર્માણ કરવાનો પ્રોજેક્ટ કાયમી સ્વરૂપે ઊભા થઈ ગયા તો ઑક્સિજન સિલિન્ડર સંભાળવાની અને ભરવાની ઝંઝટથી છૂટકારો મળશે અને તેને કારણે યંત્રણા પરનો ભાર ઓછો થવામાં મદદ મળશે એવો દાવો એડિશનલ કમિશનર પી.વેલરાસૂએ કર્યો હતો.

તાવરણમાંથી હવા શોષીને પી.એસ.એ. ટૅક્નોલોજીનો ઉપયોગ કરીને દર્દીને ઑક્સિજનનો પુરવઠો કરતા સમયે સૌ પ્રથમ પ્લાન્ટમાં યોગ્ય દબાણથી હવાને કૉમ્પ્રેસ કરવામાં આવે છે. ત્યારબાદ તે હવાને શુદ્ધ કરવામાં આવે છે. તેથી હવામાં રહેલા અશુદ્ધ ઘટકો જેવા કે ધૂળ, તેલ, ઈંધણના અતિસૂક્ષ્મ કણ, અન્ય અયોગ્ય ઘટકોને ગાળીને અલગ કરવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ ઉપલબ્ધ થયેલી શુદ્ધ હવા 'ઑક્સિજન જનરેટર'માં નાખવામાં આવે છે.

જેમાં રહેલા ઝિઓલીટર નામના રસાયણયુક્ત મિશ્રણ દ્વારા આ શુદ્ધ હવામાંથી નાયટ્રોજન અને ઑક્સિજન બંને વાયુને અલગ કરવામાં આવે છે. અલગ કરવામાં આવેલા ઑક્સિજનને યોગ્ય દબાણ સાથે સ્વતંત્ર રીતે એકઠો કરવામાં આવે છે. ત્યાંથી તે પાઈપલાઈનથી દર્દીઓને પહોંચાડવામાં આવશે.

કોરોનાનું ત્રીજું સ્પાઈક મ્યુટેશન પહેલાથી વધુ શક્તિશાળી છે



ન્યુ દિલ્હી,તા.૨૫

કોરોના મહામારીની બીજી લહેરમાં વાયરસના નવા સ્વરૂપને ખતરનાક બનતું સૌ કોઈ જોઈ રહ્યું છે. અલગ-અલગ રાજયોમાંથી ડબલ અને ટ્રિપલ મ્યુટેશનના સમાચાર આવી રહ્યા છે. આ થિયરીને ખોટી સાબિત કરતા કહેવાયું છે કે સમયની સાથે વાયરસમાં ફેરફાર આવી રહ્યા છે. વાયરસના આનુવંશિક પરિવર્તનને સમજવું છે તો તેના માટે મ્યુટેન્ટને વિશે જાણવું પડશે. ડબલ અને ટ્રિપલ મ્યુટેન્ટના નામથી લોકો પેનિક થઈ રહ્યા છે. હૈદરાબાદના સીસીએમબીના દિવ્ય તેજ સોવપતિએ કહ્યું કે જીનોમ સિક્વન્સિંગની મદદથી તેમની પાસે રોજ નવી જાણકારી અપડેટ થઈ રહી છે. હવે દિલ્હી, મહારાષ્ટ્ર, પ.બંગાળ સહિત અનેક રાજયોમાં નવા સ્પાઈક મ્યુટેશન જોવા મળી રહ્યા છે. આ રિપોર્ટથી ખ્યાલ આવ્યો છે કે કોવેક્સીન અને કોવિશિલ્ડ વેક્સીન નવા વેરિઅન્ટ પર અસરકારક છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે નવું સ્પાઈક મ્યુટેશન પહેલાથી વધુ શક્તિશાળી છે. તે ઝડપથી ફેલાઈ રહ્યું છે અને સાથે જ લોકોની ઈમ્યુનિટીને તોડવામાં તેની ભૂમિકા વધુ રહી છે. ફેફસાં પર ઝડપથી તેનું હાવી થવું, દર્દીમાં ઉચ્ચ સંક્રમણની સ્થિતિ બતાવવી અને સાથે ૩-૪ દિવસમાં શ્વાસ લેવામાં તકલીફ લાગવાના લક્ષણો જોવા મળી રહ્યા છે.

પ.બંગાળમાં બી.૧.૬૧૮ ગયા વર્ષે જોવા મળ્યો હતો. તેનાથી વધારે ચિંતાની વાત એ છે કે આ નવા વેરિઅન્ટમાં ડીઈએલ૧૪૫-૧૪૬ અને ઈ૪૮૪ના બંને મ્યુટેશન એકસાથે જોવા મળી રહ્યા છે. આ બંને મ્યૂટેશનની ઓળખ ઈમ્યુનિટીને નબળી કરે છે.

ઈ૪૮૪ના મ્યૂટેશન સૌથી પહેલા બી ૧.૩૫૧ નામના સ્ટ્રેનમાં મળ્યા. આ સિવાય તે બી.૧.૬૧૭માં મળ્યા હતા. તેનાથી ડબલ કે ટ્રિપલનો અંદાજ રાખી શકાય નહીં. તેઓએ કહ્યું કે બી ૧.૬૧૭ નામનો સ્ટ્રેન આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં ૧૫થી વધારે સ્પાઈક મ્યૂટેશન દેખાડી ચૂક્યો છે. તેથી તેનું નામ ડબલ મ્યૂટેશન રખાયું છે. તેમાં એલ૪૫૨ આર અને ઈ૪૮૪ ક્યૂ સ્પાઈક મ્યૂટેશન મળ્યા. થોડા દિવસ બાદ બી૧.૬૧૭થી એલ૪૫૨આર ખોવાયા અને સાથે હવે ઈ૪૮૪ક્યૂ સ્પાઈક મ્યૂટેશન મળી રહ્યું છે. તેને ડબલ મ્યૂટેશનનું નામ આપી શકાય નહીં.

૫. બંગાળમાં મળતા બી૧.૬૧૮ને ટ્રિપલ મ્યૂટેશન કહેવું ખોટું છે કેમકે તેમાં એલ૪૫૨આર આને ઈ૪૮૪ક્યૂના સિવાય વી૩૮૨એલ સ્પાઈક મ્યૂટેશન મળ્યું છે. એલ ૪૫૨આર મ્યૂટેશન પહેલા ગાયબ થયું હતું. તો ઈ૪૮૪ ક્યૂની સાથે તેની હાજરીના વધારે સાક્ષી મળી રહ્યા નથી. આ માટે વી૩૮૨એલ સ્પાઈક મ્યૂટેશન પર વધારે ધ્યાન આપવાની જરૂર છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય રચના રજૂ કરવામાં આવે છે.
વિષય : આપણ જીવન નો યાદગાર રમૂજ પ્રસંગ- .દિવસ - ૪
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ,
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG SS No: 40
પ્રકાર : પદ્ય
વિષય : જીવનની રમૂજી ઘટના
શીર્ષક : કાઢો દાંત

ભણી-ગણી ઈજનેર બની; કારકિર્દી હજી જ્યાં શરૂ કરી
ત્યાં તો માંગુ આવ્યું પહેલું ને પરણી ગઈ આ છોકરી!
રસોઈઘરમાં જઈને ક્યારેય ચા ય નહોતી કરી,
પરણીને પહોંચી ગઈ સાસરે, અહો! ઈશ તેં ભારે કરી.
સાસુજીએ તો તુરિયાનાં શાકની માંગણી કરી,
આવડે નહી કાંઈ ને ઠપકાર્યું પાણી ગ્લાસ ભરી!
માંડ માંડ કરી રસોઈ; આંખે પાણી ભરી,
સસરાજી કહે લાવો ઠામ, હવે તો જાણે આફત પડી!
ઠામ, ગોળો, બકડિયું, સીસો, પ્યાલો ને બોઘરી
સાંભળ્યા નહોતાં આ શબ્દો, મને સમજ લગીરે ન પડી!
કહે, ગેંડી પાસે મૂકી છે સાવરણી એ લાવો જરી,
ગેંડાની ફિમેલને થોડા કોઈ રાખે ઘરમાં ભરી!
વાતો કોઈકની હતી થઈ રહી
કહે એ તો દાંત કાઢે ઘડી-ઘડી!
હશે કોઈ એક્સપર્ટ ડેન્ટિસ્ટ; હું તો એવાં વિચારમાં સરી,
જાણ થઈ જ્યારે સઘળી ને હું ય હવે ડેન્ટિસ્ટ ખરી!
હવે તમે ય બધાં કાઢો દાંત
આનંદની લહેરખી ભરી!

વૈશાલી મહેતા.

NOG SS No:.0050
વિભાગ- લેખ
વિષય - રમૂજી ઘટના.
શીર્ષક- હાસ્ય દિલથી.

.. કહેવાય છે દિલનું હાસ્ય ખુશીનો ખજાનો છે. હાસ્ય પ્રભુએ આપેલી ભેટ છે ને, "હસે તેનું ઘર વસે" હસવા માટે કોમેડી ફિલ્મ ની જરૂર નથી પડતી. દરરોજની જિંદગીમાં છુપાયેલું છે.

ખાલી હસજો ને, ઇરાદો કોઈને ઠેસ પહોંચાડવાનો નથી .કેટલી નસીબદાર છું દાદા- દાદી, સાસુ-સસરા , બે જેઠ- જેઠાણી, નણંદ- નણદોઈ એવો પરિવાર રાત્રે આંગણે બેસી એ દેશમાં કરીએ મજા લઈએ, એકબીજાની ફીરકી તો હસવાનું બંધ ના થાય.

હસાવી જાય છે એવું લાગે ગામડેથી આવ્યાં સસરાજી અને પૂછયું ,"મોભી યો જઈ તારી" ગામડાનાં એટલે થોડી તળપદી ભાષા આવી જ જાય.(મોભી એટલે મમ્મી)એની મજા કંઈક ઓર જ હોય અને જવાબ આપ્યો,
"મામી ક્યાં આવ્યા છે? એક બાજુ વરસાદ ચાલુ થયો. દાદા બોલ્યાં, "વરહાદ પડ સ મોચો પલળ સ!" મોચો એટલે કે (ખાટલો .)બા તો વળી દાદાને વટાવે એવાં. ઘર આંગણે હતાં. રસોડામાં હું, બા સોફામાં બેસી ટીવી સમાચાર જોતાં જોતાં બોલ્યાં,"ભઈ, બહુ વરસાદ છે. રસોઈ કરતા ડોકિયું કર્યું" કોની સાથે વાત કરો છો?"
એક દિવસ મોટાં જેઠ ની દીકરી ફુદકડી બની હતી. સૌએ ખેંચી ,એક પછી એક પાણીનો ગ્લાસ મંગાવતા જાય ખબર ન પડી આટલું પાણી ક્યાં જાય છે. ઘડાની લોજો (હારમાળા)જે મૂકેલી હોય એમાંથી મોટો ઘડો ઉતારી લીધો અને એમાં નાંખતા જ રહ્યાં પાણી. નાની હતી માટે સાચું ખબર ના પડી.

મોટી જેઠાણી ગામડાંની હતી. અમે બ્રાહ્મણ દિવાળી ને લક્ષ્મી પૂજનમાં ખૂબ ફ્રૂટ આવે. સસરાએ કીધું," તમને ફ્રુટ સલાડ બનાવતાં આવડે?"તેમણે કીધું," હો."તૈયારી કરી બધીને દૂધનું તપેલું ગેસ પર સારી પેઠે ઉકાળવા મૂક્યું . પોસ્ટમોર્ટમ કરી નાખ્યું ફ્રૂટ સલાડનું ! આજે એ જ વાતો ના સંભારણાં કરતાં પેટ પકડીને હસીએ છીએ. કેવા હતાં ને આપણે સમયનાં ટપલાં પડતાં તૈયાર થયાં.

એ બધાં પણ વડીલો જાણે જૂનાં ઘરડાં વૃક્ષ જેવાં. જેટલાં જૂનાં એટલો જ છાંયડો મીઠો. પ્રેમ અને વાત્સલ્ય વધુ. અમારામાં સંસ્કારનું સિંચન કરે જતાં.
" બસ હસતાં રહો, મોટેરાનું માન-સન્માન રાખતાં ૦ રહો."

રાગીની શુક્લ" રાગ"
(મુંબઈ, કાંદિવલી).

NOG SS NO- 0088
વિષય શબ્દ- રમૂજી ઘટના..
પ્રકાર- ગદ્ય
શીર્ષક- શોર્ટકટ

કહેવાય છે કે, હસે તેનું ઘર વસે પછી ભલેને ★વસ્યા પછી ક્યારેય ના હસે.★ ચાલો સૌ વર્ષો પહેલાંની એ ઘટનામાં જઈએ..

હું પિલવાઇ કોલેજ કરતી ત્યારની આ ઘટના છે. તે દિવસે ટી.વાય.ની પરીક્ષા શરૂ થવાની હતી. પેપર ૧૧વાગે શરૂ થવાનું હતું મહેસાણા થી પિલવાઈ જવા હું ૭:૧૫ નીકળી. બસનો સમય થઈ ગયો હતો. ત્યારે વહેલી સવારે મહા મહિનાનું માવઠું થયેલું અને થોડા નાનાં - મોટાં ખાબોચિયાં ભરાયાં હતાં. સરસ ઠંડી હવાની લહેરખીઓ સ્પર્શતી હતી અને હું બસ પકડવા માટે ઉતાવળી જઈ રહી હતી. હાઈવે દેખાયો અને મેં શોર્ટકટનો નિર્ણય લીધો. એલ આકારનો રસ્તો કાપતાં પચાસેક ડગલાં ઓછાં થાય. મને વિચાર્યું, વાહ!.. કોઈ રાતોરાત ખાડો પણ પૂરી ગયું છે ને!.. બસ પછી એક હનુમાન ડગલું..ને ભમ્મ.. આખેઆખી પાણીમાં ગરકાવ. મહેસાણા મોઢેરા ચોકડીનો હાઈવે.. ધીમે રહી ઊભી થઈ તો, આઈ આઈ સોનપરી આઈ જેવી ગોલ્ડન પરી થઈ બહાર આવી.. બાજુમાં લાટીવાળાએ એ પાણી ભરેલાં ખાબોચિયામાં લાકડાનો વહેર નાંખી દીધેલો. ઊભી થઈ વિચાર્યું, આજુબાજુ કોઈ જોઈ તો નથી ગયું ને! પણ હાય!.. હેર-સલૂનવાળાં ભાઈ જોઈ ખુલ્લાં મને હસતાં હતાં. મને નજીક બોલાવી કહ્યું, "હું કોઈને કહીશ નહિ પણ આ પાણી ભરેલી ડોલથી તમે સાફ કરી લો." હું સાફ કરવા જાઉં, ત્યાં તેમણે કહ્યું, "ઊભા રહો, પહેલાં તમે કેવા લાગો છો દર્પણમાં તો જોઈ લો". મેં તેના દર્પણમાં ડોકિયું કર્યું,.. વાહ! આખી લાકડાનાં વહેરથી લથપથ.. ગીત યાદ આવ્યું, સોને જૈસા રંગ હૈ.. તેરા ચાંદી.. આમ સરેઆમ રોડ ઉપર નાહી. ઘરે જતાં વિચાર્યું, મા ભગવતી! કયા સ્વરૂપે પોંખશે.. જતાં આવતાં સૌ વળીવળીને જોતાં. વિચારતાં હશે આ વગર વરસાદે!.. પેટમાં પરીક્ષામાં મોડું થવાની ફાળ સાથે, ને માનાં ઠપકા સાથે સ્વચ્છ થઈ. બસ પકડી પરીક્ષાખંડમાં પહોંચી. ત્યારે અડધો- પોણો કલાક મોડી હતી. સરે કહ્યું, "આટલું વહેલાં અવાય?" મેં કહ્યું, ક્યારેક, પડી જવાય તો અવાય!..
મિત્રો, સંસારમાં સુખ-દુઃખના ચક્રમાં પડવું, વાગવું ચાલ્યા કરે, પણ ઊભાં થઈ ધૂળ ખંખેરી પ્રવૃત્ત થવું એ જ જીવન ઘટનાક્રમ.

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

NOG SS No: .0098
પ્રકાર:- ગદ્ય
વિષય:- જીવન કી રોમાંચક ઘટના
શીર્ષક:- અબોધ બાલક.

वर्षों पुरानी बात है। मेरा छोटा बेटा रोहित जब जूनियर के.जी. में पढ़ता था। पढ़ने में होशियार था।
हमेशा उसे स्टार मिलता था।
एक बार स्कूल से मैडम ने ABCD
A to Z 10 time लिखने का होमवर्क दिया।
बेटे ने A to Z, A to Z, A to Z ...
इस प्रकार से अपनी नोटबुक में १० बार लिखा।
मैडम ने पूरे पेज़में क्रोस कर दिया।
अपनी नोटबुक देखकर रोया और जब हमनें उसकी नोटबुकको देखा तो हम सबके हंसी के फव्वारे छूटने लगे।
बेटे को समझाया और अगले दिन उसके स्कूल गये।
मैडम भी नोटबुक देखकर बहुत हंसी।उसको एक चोकलेट दी, और कहा You are a clever boy...

लीना शर्मा
हालोल।

શાહરૂખ ખાનની એક ટ્વીટે વિવાદનો મધપૂડો છંછેડાયો, ભડક્યા ઇરફાન હબીબ

ન્યુ દિલ્હી,તા.૨૫

કોરોના વાયરસ મહામારીની બીજી લહેરમાં દેશની ભયંકર સ્થિતિ છે. દેશની રાજધાની દિલ્હી આનાથી સૌથી વધુ પ્રભાવિત છે. હોસ્પિટલોમાં દર્દીઓને દાખલ કરવાની જગ્યા નથી અને એટલે સુધી કે પોતાના લોકોના અંતિમ સંસ્કાર સુદ્ધાં કરાવા માટે લોકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે. આવી સ્થિતિમાં ન્ના આયોજન પર પ્રશ્ન ઉઠી રહ્યા હતા પરંતુ શાહરૂખ ખાનની એક ટ્વીટે આ વિવાદના મધપૂડાને છંછેડ્યો છે.

શાહરૂખ ખાન ન્નમાં કોલકત્તા નાઇટ રાઇડર્સના સહ-માલિક છે. જો કે તેમની ટીમનું પ્રદર્શન અત્યારે આઇપીએલમાં કંઇ ખાસ સારું નથી. ટીમ હાલ સૌથી નીચલા ક્રમાંક પર છે. શનિવારના રોજ તેમની ટીમને રાજસ્થાન રોયલ્સ સામે હારનો સામનો કરવો પડ્યો. આની પહેલાં શનિવાર સવારે શાહરૂખે એક ટ્વીટ કરી સ્ન્ને ઢ્ઢઇના પ્રિન્સિપલ સ્પોન્સર બનવા પર ખૂબ જ ખુશી થઇ રહી છે. કેકેઆરની સાથે આગળ વધવાનું સારું લાગે છે. હવે દિમાગ લગાવાનો સમય છે. જોઇએ તમારા ફોન પર કંઇ નવી ગેમ્સ છે.

શાહરૂખ જે પોતાને દિલ્હીવાળો કહે છેની આ ટ્વીટ દિલ્હીમાં રહેતા ઇતિહાસકાર ઇરફાન હબીબને બિલકુલ પસંદ આવી નહીં. દિલ્હી અત્યારે કોરોના વાયરસ મહામારીથી ખરાબ રીતે પ્રભાવિત છે. અહીં દરરોજ સેંકડો લોકો આ બીમારીના લીધે પોતાના જીવ ગુમાવે છે. હોસ્પિટલોમાં ઓક્સિજનની અછતથી લોકોના શ્વાસ થોભી રહ્યા છે.

એવામાં શાહરૂખની આ ટ્વીટ પર હબીબે કહ્યું કે તારી આ ટ્વીટ સંપૂર્ણપણે એકદમ ખોટા સમયે આવી છે. દિલ્હી જે તારા જન્મનું શહેર છે જે અત્યારે એ દર્દમાંથી પસાર થઇ રહ્યું છે જેમકે તે ભાગલા સમયની હિંસા દરમ્યાનમાંથી પસાર થયું હતું. જો કે આ બધાની વચ્ચે એક શરમજનક ૧૯૮૪ પણ પસાર થયો હતો. આ ટ્વીટથી બચી શકાતું હતું. તારી ઁઇ ટીમે થોડીક માનવતા દેખાડવી જોઇએ.

૨૪ એપ્રિલના રોજ દિલ્હીમાં કોરોનાના ૨૪૧૦૩ કેસ સામે આવ્યા અને ૩૫૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. દિલ્હીમાં આ વૈશ્વિક મહામારી ખતરનાક સ્તર પર પહોંચી ચૂકી છે. પોઝિટિવિટી રેટ ૩૨.૨૭ સુધી પહોંચી ગયો છે. જો કે તે ખૂબ જ ખતરનાક છે.

ભાજપ કાર્યકર્તાઓએ ૨૦૦ બાટલા માટે દબાણ કરતા સપ્લાયરે નોન સ્ટોકનું બોર્ડ માર્યું

બોટાદ,તા.૨૫

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી તમામ સેવાકીય કાર્યોમાં પોતાનું નામ આગળ રાખવા માગતી હોય તેવું લાગી રહ્યું છે. એ પણ લોકોને મુશ્કેલીમાં મૂકી કારણ કે, સુરતમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ દ્વારા ભાજપ પ્રદેશ કાર્યાલયથી ઇન્જેક્શન વેચાણ કરવામાં આવ્યું હતું અને જ્યારે સી.આર. પાટીલે આ ઇન્જેક્શનનું વિતરણ કર્યું હતું ત્યારે અમદાવાદની ઝાયડસ કંપની દ્વારા ઇન્જેક્શનનો સ્ટોક ન હોવાની જાહેરાત કરી હતી. અને જેના કારણે સુરત ભાજપની કાર્યાલય બહાર લોકો ઇન્જેક્શન લેવા માટે લાઈન લગાવીને ઊભા રહી ગયા હતા. ત્યારે હવે બોટાદમાં ભાજપનો ઓક્સિજન કાંડ સામે આવ્યો છે. કારણ કે, બોટાદમાં ભાજપના કાર્યકર્તાઓએ સ્થાનિક ઓક્સિજન સપ્લાયર પાસેથી ઓક્સિજન સિલિન્ડર નોન સ્ટોક કરવાનું શરૂ કર્યું છે. આ વાત અમે નથી કહી રહ્યા પરંતુ ખુદ ઓક્સિજનની સપ્લાય કરતી એજન્સી દ્વારા પોતાના લેટરપેડ પર આ માહિતી આપવામાં આવી છે.બોટાદની સુપ્રીમ ગેસિસ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, અમારી પાસે ૨૦ બોટલ રહે તેટલો સ્ટોક છે અને જેના કારણે અમે બોટાદની હોસ્પિટલોમાં કેવી રીતે ઓક્સિજન પૂરૂ પાડી શકીએ. આટલી બોટલોની અછત થવાથી કેવી રીતે બોટાદની તમામ હોસ્પિટલને અમે ઓક્સિજન આપીએ. ભારતીય જનતા પાર્ટી દ્વારા અને ભાજપના પ્રતિનિધિઓ દ્વારા વારંવાર ૨૦૦ બોટલ આપવા મજબૂર કરવામાં આવે છે. જેના કારણે આજે અમે બોટાદની પ્રાઇવેટ હોસ્પિટલ તેમજ અન્ય હોસ્પિટલોને ઑક્સિજન પૂરું પાડી શકે તેમ નથી. જેથી અમે દુઃખની લાગણી અનુભવીએ છીએ. હવે ઓક્સિજનની આ ઘટના કારણે જો કોઈ દર્દીનું મૃત્યુ થાય તેમ જ બીજી કોઈ ઘટના ઘટે તો તેની જવાબદારી અમારી રહેશે નહીં.સુપર ગેસિસ પાસે ૧૧૦૦ જેટલી ઓક્સિજનનો ની બોટલ છે અને જેમાંથી તેણે ૧૩૦ બોટલ સાઈબાબા ઓક્સિજનને પરત કરી છે. ૩૦૦ બોટલ ભારતીય જનતા પાર્ટીને આપી છે. ૫૦ બોટલો દર્દીને ઘરે લઈ જવા માટે આપી છે. ૧૦૦ બોટલ જનરલ હોસ્પિટલ બરવાળાને આપી છે અને ૩૦૦ બોટલ પ્રાઇવેટ હોસ્પિટલમાં છે. આમ ૧૧૦૦માંથી માત્ર ૨૨૦ બોટલનો સ્ટોક એજન્સી પાસે હતો અને તેમાંથી પણ વધારે ૨૦૦ બોટલ ભાજપવાળા દ્વારા માગવામાં આવી રહી છે. આ જ કારણે એજન્સી પાસે માત્ર ૨૦ બોટલ નો સ્ટોક છે અને આ જ કારણે એજન્સી દ્વારા તમામ હોસ્પિટલોને કહેવામાં આવ્યું છે કે તેઓ ઓક્સિજનની સપ્લાય પૂરી પાડી શકે તેમ નથી.

આ મામલે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલીયા સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી કે, પહેલાં સી.આર. પાટીલે વાહવાહી લૂંટવા સુરતના સરકારી દવાખાનાનો ઇન્જેક્શનો સ્ટોક અને ભાજપ કાર્યાલય લઈને લોકોને લાઈનમાં ઊભા રાખ્યા.

હવે મંત્રી સૌરભ દલાલે વાહ-વાહી લૂંટવામાં માટે સામાજિક સંસ્થા અને પ્રાઇવેટ હોસ્પિટલ અને ઓક્સિજનનો જથ્થો ન આપવા અને ઓક્સિજન ભાજપ કાર્યાલય લઈ જવા માટે ગેસ કંપનીઓ પર દબાણ કર્યું છે. હલકાઈના તમામ રેકોર્ડ તોડ્યા છે આ ભાજપવાળા એ ભગવાન આવા ભાજપના હલકા તત્વોને સદબુદ્ધિ આપે એવી પ્રાર્થના.

ઉલ્લેખનીય છે કે બોટાદ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા ઊર્જા મંત્રી સૌરભ પટેલના માર્ગદર્શન હેઠળ કોરોનાના કપરા સમયમાં જે દર્દી હોમ આઇસોલેટ છે તેમને ઓક્સિજનની જરૂરિયાત પૂર્ણ કરવા માટેનું બીડું ઉઠાવવામાં આવ્યું છે. ભાજપના કાર્યકર્તાઓ દર્દીને ઓક્સિજન સેવા પૂરી પાડી રહ્યા છે પરંતુ આ માટે તેઓ ઓક્સિજનની સપ્લાય કરતી કંપનીઓ પર દબાણ વધારી રહ્યા છે. તેથી ઓક્સિજનનો સપ્લાય કરતી કંપની દ્વારા પોતાના લેટરપેડ પર આ બાબતની માહિતી આપીને પોતાની વ્યથા વર્ણવી હતી.

જુઓ મોદી સરકાર પર આકરા પ્રહાર પણ કોણ કરી રહ્યું છે !

કોરોના સંકટ મામલે ગેરમાર્ગે દોરનારી નિષ્ઠુર મોદી સરકાર પર ખુદ નિર્મલા સીતારમણના પતિના આકરા પ્રહાર

તેમણે કહ્યું કે મોદી સરકાર અને તેમના નેતાઓ ખરેખર મગજ વગરના જ છે. તેઓ ફક્ત ચૂંટણી અને ધાર્મિક મેળાવડાને જ પ્રાથમિકતા આપી રહ્યા છે. તેમના માટે લોકોના સ્વાસ્થ્યની કોઈ કિંમત જ નથી. લોકો મરે તો મરે તેમનાથી તેમને કોઈ લેવા-દેવા જ નથી. તેઓ સત્તાના લાલચુ જ છે

તેમણે કહ્યું કે દેશમાં મૃત્યુ અને નવા કેસના આંકડા છુપાવવામાં આવી રહ્યા છે. આ વાત સાચી જ છે. મૃતાંક છુપાવાઈ રહ્યો છે. કેસ પણ છુપાવાઈ રહ્યા છે. ડૉક્ટરો કહે છે કે સ્થિતિ અત્યંત ગંભીર છે. ટેસ્ટિંગ વ્યવસ્થા પડી ભાંગી છે. હોસ્પિટલ અને લેબની કેપિસિટી પતી ગઈ છે. હોસ્પિટલની બહાર દર્દીઓ અને એમ્બ્યુલન્સની લાઈનોની તસવીરો વાયરલ થઈ રહી છે. સ્મશાન ગૃહો અને કબ્રસ્તાન સતત ૨૪ કલાક ધમધમી રહ્યા છે. આ સ્થિતિ અત્યંત ભયાવહ છે

(એજન્સી) તા.૨૪

ડૉ. પારાકાલ પ્રભાકર, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના પતિ. તેમણે કેન્દ્ર સરકારને આડેહાથ લીધી હતી. જોકે તેમનું મોદી સરકાર પર જ નિશાન તાકવાનું કારણ બીજું કંઈ નહીં પણ દેશમાં વર્તમાન સમયમાં વ્યાપેલી કોરોના વાયરસની મહામારી છે. તેમણે કહ્યું કે મોદી સરકાર ખરેખર તો નિર્દય, નિષ્ઠુર અને હૃદય વગરની છે. દેશમાં કોરોના વાયરસની બીજી લહેર ચાલી રહી છે અને તેનું મોટું કારણ ખુદ મોદી સરકાર જ છે કેમ કે તે અત્યાર સુધી દેશના લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. વડાપ્રધાન મોદીની પોપ્યુલારિટી અને કોમ્યુનિકેશન સ્કિલ મોદી સરકારની નિર્દયતા અને અસમર્થતાની ભરપાઈ કરી દે છે અને તેને છૂપાવી દે છે. તેઓ આ મામલે પ્રવાસી શ્રમિકોના ગુસ્સાને શાંત કરી શકતા હતા પરંતુ તેમની સમસ્યાને ઉકેલી શકતા હતા પરંતુ તેઓએ રાજકારણ અને પોતાની પોપ્યુલારિટીની આડમાં તમામ મુદ્દાઓની

અવગણના કરી. જોકે તેમની આ રીત લાંબા સમય સુધી ટકવાની નથી. પારદર્શકતા તો દાખવવી જ પડશે. પીએમ મોદીએ છેલ્લે તેની પસંદગી તો કરવી જ પડશે. લોકો હવે તેમનાથી છેતરાઈ જવાના નથી. ડૉ. પ્રભાકરે કહ્યું કે દેશમાં હાલમાં સૌથી મોટી મહામારી ફેલાઈ રહી છે. સૌથી વધુ કેસ મળી રહ્યા છે. સોમવારના અંત સુધીમાં ચેપગ્રસ્તોનો સત્તાવાર આંકડો ૨.૫૯ લાખને સ્પર્શી ગયો હતો. જ્યારે મૃતાંક ૧૭૬૧ને સ્પર્શી ગયો હતો. કુલ કેસ ૧ કરોડ ૫૬૩ લાખ ૧૪ હજાર ૭૧૪ને સ્પર્શી ગયા છે. ભારતમાં બે અઠવાડિયામાં જ કુલ ૧૫ લાખ નવા કેસ ઉમેરાઈ ચૂક્યા છે. તેમણે કહ્યું કે દેશમાં મૃત્યુ અને નવા કેસના આંકડા છુપાવવામાં આવી રહ્યા છે. આ વાત સાચી જ છે. મૃતાંક છુપાવાઈ રહ્યો છે. કેસ પણ છુપાવાઈ રહ્યા છે. ડૉક્ટરો કહે છે કે સ્થિતિ અત્યંત ગંભીર છે. ટેસ્ટિંગ વ્યવસ્થા પડી ભાંગી છે. હોસ્પિટલ અને લેબની કેપિસિટી પતી ગઈ છે. હોસ્પિટલની બહાર દર્દીઓ અને એમ્બ્યુલન્સની લાઈનોની તસવીરો વાયરલ થઈ રહી છે. સ્મશાન ગૃહો અને કબ્રસ્તાન સતત ૨૪ કલાક ધમધમી રહ્યા છે. આ સ્થિતિ અત્યંત ભયાવહ છે. તેમણે કહ્યું કે મોદી સરકાર અને તેમના નેતાઓ ખરેખર મગજ વગરના જ છે. તેઓ ફક્ત ચૂંટણી અને ધાર્મિક મેળાવડાને જ પ્રાથમિકતા આપી રહ્યા છે. તેમના માટે લોકોના સ્વાસ્થ્યની કોઈ કિંમત જ નથી. લોકો મરે તો મરે તેમનાથી તેમને કોઈ લેવા દેવા જ નથી. તેઓ સત્તાના લાલચુ જ છે.

કોરોનાની વિકરાળ પરિસ્થિતિને જોતા ભારતની મદદ કરવા આગળ આવ્યું પાકિસ્તાન

ન્યુ દિલ્હી,તા.૨૫

પાકિસ્તાને પોતાના દેશમાં વધતા કોરોના સંકટને છોડી હવે ભારતની મદદ કરવાની ઓફર કરી છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે એક નિવેદન રજૂ કરીને કહ્યું કે તેઓ ભારતને વેન્ટિલેટર, ડિજિટલ એક્સરે મશીન અને પીપીઇ કિટ સહિત કેટલીય જરૂરી વસ્તુઓની નિકાસ કરવા માટે તૈયાર છે. થોડાંક દિવસ પહેલાં ઇમરાન ખાને પણ ટ્વીટ કરીને ભારતમાં કોરોનાને લઇ એકજૂથતા દેખાડી હતી.

પાકિસ્તાની વિદેશ મંત્રાલયે કહ્યું છે કે અમારી તરફથી કોવિડ-૧૯ની હાલની લહેરને જોતા ભારતના લોકોની સાથે એકજૂથતાના ભાવથી કોરોનાની વિરૂદ્ધ જંગમાં ઉપયોગ થનાર કેટલીક ખાસ સામગ્રીઓને મોકલવા માટે તૈયાર છે. નિવેદનમાં એમ પણ કહ્યું છે કે બંને દેશ વૈશ્વિક મહામારીના લીધે ઉભા થયેલા પડકારોને નાથવા માટે આગળ ત્વરિત પુરવઠા માટે સહયોગની સંભવિત પદ્ધતિઓની સંભાવનાઓ ચકાસી શકે છે.

આ ઓફર પ્રધાનમંત્રી ઇમરાન ખાનના ભારતના લોકોની સાથે એકજૂથતા દેખાડ્યા બાદ કરી છે. તેમણે કહ્યું હતું કે આપણે માનવતાની સામે આવેલા આ વૈશ્વિક પડકારોને મળીને લડવા પડશે. ઇમરાને કહ્યું હતું કે તેઓ પોતાના પાડોશી અને દુનિયાને આ મહામારીમાંથી ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી રહ્યા છીએ.

પાકિસ્તાનમાં શનિવારના રોજ રજૂ કરાયેલા આંકડા પ્રમાણે છેલ્લાં ૨૪ કલાકમાં ૧૫૭ લોકોના સંક્રમણથી મોત થયા છે. પાકિસ્તાનમાં એક દિવસમાં થનાર મોતનો આ સૌથી મોટો આંકડો છે.

વેક્સિન લીધા પહેલા રક્તદાન કરોઃ ડૉક્ટર્સની અપીલ

મુંબઇ,તા.૨૫

આખો દેશ ફરી એક વાર કોરોનાના ભરડામાં આવી ગયો છે ત્યારે સરકારે પહેલી મેથી ૧૮ વર્ષથી વધુ વયના લોકોને વેક્સિન માટેની મંજૂરી આપી છે. નિયમ અનુસાર વેક્સિન લીધા બાદ ઓછામાં ઓછા બે મહિના સુધી રક્તદાન કરવાની મનાઇ કરવામાં આવે છે, પરિણામે નજીકના ભવિષ્યમાં રક્તની મોટા પ્રમાણમાં અછત નિર્માણ થઇ શકે છે. તેથી વેક્સિન લેતા પહેલા યુવા વર્ગને બ્લડ ડોનેટ કરવાની અપીલ ડૉક્ટર્સ કરી રહ્યા છે. નાગપુરના એક ડૉક્ટરે આ અંગે જણાવ્યું હતું કે, હાલની પરિસ્થિતિને જોતા રક્તદાન શિબિરનું આયોજન શક્ય ન હોવાથી બ્લડ ડોનેશનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જે વ્યક્તિ નિયમિતપણે રક્તદાન કરે છે તેઓ વેક્સિન લેતા પહેલા બ્લડ બૅંકમાં આવીને ડોનેટ કરી જાય છે, પરંતુ તેની સંખ્યા ખૂબ જ ઓછી છે. માર્ચ મહિનામાં નેશનલ બ્લડ ટ્રાન્સફ્યૂઝન કાઉન્સિલ (એનબીટીસી) દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ વેક્સિનનો બીજો ડોઝ લીધા બાદ ૨૮ દિવસ સુધી રક્તદાન કરી શકાશે નહીં. તેથી વેક્સિનેશન પહેલા બ્લડ ડોનેટ કરવું ઉત્તમ ગણાશે.

મહારાષ્ટ્રમાં કોરોનાનો મરણાંક ૩૫ ટકા વધ્યો

મુંબઇ,તા.૨૫

મહારાષ્ટ્રમાં શુક્રવારે કોરોનાને કારણે ૩૫ ટકા વધુ લોકોના મોત થયા હતા અને મરણાંક સૌથી વધુ ૭૭૩ નોંધાયો હતો, જ્યારે ગુરુવારે મરણાંક ૫૬૮ હતો.

રાજ્યના કુલ મરણાંકમાં મુંબઈના દસ ટકા કરતા ઓછા મરણાંકનો સમાવેશ થાય છે. મુંબઈમાં ૭૨ જણનાં મોત થયા હતા, જ્યારે મુંબઈ મેટ્રોપોલિટન રિજન-એમએમઆર (મુંબઈ સિવાય)માં ૧૦૮ મરણાંક નોંધાયો હતો. કોરોનાના નવા કેસનો આંકડો પણ મુંબઈ કરતા એમએમઆરમાં વધુ છે. એમએમઆરમાં ત્રણ જિલ્લા અને આઠ પાલિકાનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના અધિકારીઓનું કહેવું છે કે નાના શહેરો જેમ કે સોલાપુર, યવતમાળ, સાતારામાં મરણાંક વધી રહ્યો છે. શુક્રવારે સોલાપુરમાં ૫૭ જણનાં, યવતમાળમાં ૭૦નાં મૃત્યુ થયા હતા.

રાજ્ય સ્તરે નાગપુર જિલ્લામાં મુંબઈ કરતા વધુ ૭,૯૭૦ કેસ નોંધાયા હતા, જ્યારે મરણાંક ૫૮ હતો. ચાલુ મહિનામાં અત્યાર સુધી ૮,૩૦૦ કરતા વધુનાં મોત થયા છે. જો આ રીતે જ મરણાંક વધતો રહ્યો તો સપ્ટેમ્બર, ૨૦૨૦ના ૧૧,૯૦૦ના મરણાંક કરતા આ મહિનાનો મરણાંક વધુ હશે અને મહામારીનો સૌથી ખરાબ મહિનો સાબિત થશે.

રાજપીપલા આજે ત્રીજી વાર હાફ લોક ડાઉનના સકંજામાં

આજથી એક સપ્તાહ માટે રાજપીપલા ના બજારો સાંજે ૪ વાગ્યા સુધી ચાલુ રહેશે ત્યારબાદ સાવરે ૬ વાગ્યા સુધી બંધ રહેશે

રાજપીપલા, તા૨૫

રાજપીપલા માં કોરોના ના વધતા કેસો અને સંક્રમણ ને અટકાવવા આજે રાજપીપલા ત્રીજી વાર હાફ લોક ડાઉનના સકંજામા ફસાયું હતું. આ અગાઉ બે વાર ત્રણઅને ચાર એમ સાત દિવસ રાજપીપલા સદન્તર બંધ રહ્યું હતું. હજી પણ કોરોના વકરતો જતો હોઈ કોરોનાની ચેઇન તોડવા વેપારીઓઅને કોરોનાથી ફફડતી આમ જનતા પણ સ્વંયભુ બંધ માં જોડાઈ છે. જેમાં આજથી સાત દિવસ માટે રાજપીપલા હાફ લોકડાઉન પાળવાનો નિર્ણય લીધો છે જેમાં આજથી એક સપ્તાહ માટે રાજપીપલા ના બજારો સાંજે ૪ વાગ્યા સુધી ચાલુ રહેશે ત્યારબાદ સાવરે ૬ વાગ્યા સુધી બંધ રહેશે

ગઈ કાલ સુધી ચાર દિવસનું લોકડાઉન પૂર્ણ થતા આજે સવારે બજારો પુનઃ ખુલ્યા હતા અને રાજપીપલા પુનઃ ધમધમતું થયું હતું. આજથી હાફ લોક ડાઉન હોવાથી લોકો ખરીદી કરવા બજારમાં ઉમટી પડ્યા હતા. અને ૪વાગ્યા પછી પુનઃ બજારો બન્ધ થઈ ગયા હતા.

આ અંગે વેપારીઓનુંકહેવું છે કે બજારો ખોલવાથી નાના વેપારીઓ ના રોજગાર ધન્ધા પુનઃ ચાલુ થશે અને ચાર વાગ્યા પછી બંધ કરવાથી કોરોનાની ચેન તૂટશે.

રાજપીપલા ૪ દિવસ ના સ્વૈચ્છિક બંધ બાદ આજે બજારોફરી એકવાર ધમધમતા થયાહતા. ચાર દિવસ ના બન્ધ બાદ બજારોમાં માનવ કીડીયારુ ઉભરાયું હતું. જોકે બે વખત રાજપીપલામા લોક ડાઉન રાખ્યા છતાં પણ નર્મદામા કોરોનાકેસો ઘટવાનું નામ નથી લેતા.ઉલટ કેસો મા વધારો નોંધાઈ રહ્યો છે. રોજના નર્મદા હવે તો



સરેરાશ ૪૦જેટલા કેસો નોંધાઈ રહ્યા છે એટલું જ નહી મોતનો આંકડો પણ વધી રહ્યો છે ત્યારે ચિંતાનો વિષય બન્યો છે. જોકેતંત્ર અને વેપારીઓ વચ્ચે ફરી એક વાર બેઠક યોજાઈહતી. જેમાં જેમાં આવતા અઠવાડિયા માટે નો પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યોછે જેમાંઆજથી થી રાજપીપલા ના બજારો સાંજે ૪ વાગ્યા સુધી ચાલુ રહેશે ત્યારબાદ સાવરે ૬ વાગ્યા સુધી બંધ રહેશે.એટલે કે સાંજે ૪થી સવારે ૬ સુધી બજારો બંધ રહેશે. નાના મોટાં વેપારીઓના રોજગાર ધન્ધા પર પણ અસર પડતી હોઈ આ નિર્ણય લેવાયો હતો. જોકે આનિર્ણય થી કોરોનાની ચેન તૂટશે કે નહી એ તો સમય જ બતાવશે પણ હવે લોકોએ પણ જાગૃત રહેવું પડશે અને ભીડથી દૂર રહેવું પઢશે અને કોવિદ ગાઈડ લાઈનનનું સંપૂર્ણ પાલન કરવું પડશે. આ નિર્ણય ૧ મે સુધી વેપારીઓ એ પાડવાનો રહેશે ત્યારબાદ ૧ મે ના રોજ ફરી બેઠક યોજાશે

તસવીર :જ્યોતી જગતાપ, રાજપીપલા

સી આર પાટીલના માર્ગદર્શન હેઠળ નવસારી ખાતે ઓક્સિજન પ્લાન્ટની શરૂઆત

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ ના માર્ગદર્શન હેઠળ આજે નવસારી ખાતે આનંદ દેસાઈ અનુપમ રસાયણ ઈન્ડિયા લિમિટેડ દ્વારા નમો કોવિડ કેર સેન્ટર ખાતે ઓક્સિજન પ્લાન્ટ ની શરૂઆત કરવામાં આવી હતી. આ ઓક્સિજન પ્લાન્ટ આજથી જ કાર્યરત થઈ જશે અને શ્રી પાટીલ માર્ગદર્શન હેઠળ શરૂ થયેલ નમો કોવિડ સેન્ટરને ઓક્સિજન ની જરૂરિયાત પૂર્ણ કરશે.

આવા કપરા સમયમાં ઓક્સિજન પ્લાન્ટ સાથેના આવા સેન્ટર ની શરૂઆત દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે. આ માટે શ્રી પાટીલે અગ્રવાલ એજ્યુકેશન ફાઉન્ડેશન તેમજ સોહમ માનવ કલ્યાણ ટ્રસ્ટ નો પણ આભાર માન્યો હતો. આ સમયે ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પૂરજોશ પ્રમાણમાં વધી રહેલ કોરોના નો કહેર હવે ગ્રામ્ય વિસ્તારો માં પણ ઝડપી કેસ વધવા લાગ્યા છે ગામડાઓ માં વસવાટ કરતી જનતા ના સ્વાસ્થ્યની ચિંતા કરીને લોકોની રોગપ્રતિકારક શક્તિ વધે અને આ કોરોના ની મહામારી ના કપરા સમયમાં પણ જનતા નિરોગી અને સ્વસ્થ રહી કોરોના જેવી ભયંકર મહામારીનો સામનો કરી શકે તે હેતુથી આજના દિવસ થી એટલે કે ગુરૂવાર થી આવતા રવિવાર સુધી સતત ૪ દિવસ સુધી વેસ્ટર્ન એગ્રી સિડ્સ લિમિટેડ-ગાંધીનગર ના સહયોગ થી દેવાંશી એજ્યુકેશન ટ્રસ્ટ-ગાંધીનગર દ્વારા અને સોનીપુર ગામના સ્થાનીક સામાજિક કાર્યકર્તા જે હરહંમેશ માટે અવાર નવાર સેવાકીય પ્રવૃતિઓ માં અગ્રેસર રહેનાર નરેશજી એસ ઠાકોર ના જન્મદિવસ ની ઉજવણી ના ભાગરૂપે ફ્રી (નિઃશુલ્ક) આયુર્વેદિક ઉકાળા વિતરણ નું અભિયાન ગામ-સોનીપુર,તા.જી-ગાંધીનગર ખાતે હાથ ધરવામાં આવ્યું છે.

સરકારશ્રી ની ગાઈડલાઈન્સ પ્રમાણે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવી રહ્યું છે. ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ

૯૦૦ બેડની હોસ્પિટલની આશાએ બેઠેલા અમદાવાદીઓ છેતરાયા, બધાને નહીં કરાય દાખલ

અમદાવાદ,તા.૨૫

એક તરફ કોરોના વાયરસ બરાબરનો વકર્યો છે ત્યારે બીજી બાજુ તંત્રના વાંકે કોરોનાના દર્દીઓની હાલત કફોડી બની રહી છે. તેનું તાજુ ઉદાહરણ છે એમડીઝ ખાતે બનેલી કોવિડ હોસ્પિટલ. અહીં ૯૦૦ બેડની કોવિડ હોસ્પિટલ માત્ર ૧૦ જ દિવસમાં બનીને તૈયાર થઈ ગઈ છે આખરે મોડે મોડે પણ અમદાવાદમાં ૯૦૦ બેડની ધન્વંતરી કોવિડ હોસ્પિટલ શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ શરૂ થતાની સાથે જ પ્રથમ ગ્રાસે જ મક્ષીકા જેવો ઘાટ સર્જાયો હતો. અહી હોસ્પિટલ શરૂ થતાની સાથે જ ૨ દર્દીઓના સારવારના અભાવે મોત નિપજ્યા હતાં. આ હોસ્પિટલમાં સારવાર માટે નિયમો જાહેર કરવામાં આવ્યા છે તેને લઈને પણ લોકોમાં ભારોભાર રોષ પ્રવર્તી રહ્યો છે.

શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં બેડ ખૂટી પડતા કેન્દ્ર સરકાર તરફથી DRDO દ્વારા અમદાવાદ એમડીઝ ગ્રાઉન્ડ ખાતે ૯૫૦ બેડની ધનવંતરી કોવિડ હોસ્પિટલ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે આજે રવિવારે સવારથી કાર્યરત કરી દેવામાં આવી હતી. સવારથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં દર્દીઓને એમડીઝ ખાતે આવેલી ધનવંતરી કોવિડ હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવી રહ્યા છે.

આ મામલે DRDO કે સરકાર તરફથી સત્તાવાર જાણકારી આપવામાં આવી નથી. ખાનગી વાહનો કે રિક્ષામાં લઈને આવતાં દર્દીઓને ધનવંતરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યા નથી. આવા દર્દીઓ સીધા અંદર ન જાય તેની માટે હોસ્પિટલની બહાર ગેટ પર મોટો પોલીસ બંદોબસ્ત અને બેરીકેડ મારી દેવામાં આવ્યા છે.

ગઈ કાલે જ ૨૦૦ જેટલા દર્દીઓ તરફડિયા મારીને પાછા ફરવાનો વારો આવ્યો હતો. જેથી હજી પણ કોરોના દર્દીઓના હોસ્પિટલમાં સારવાર માટે વલખા મારવાનો વારો આવ્યો છે.

જૂનાગઢ અને સુરતના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી માણાવદર પોલીસ

નાયબ પોલીસ મહાનિરીક્ષક મનીદર પ્રતાપસિંહ તથા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીના આદેશથી તથા નાયબ પોલીસ રીક્ષા જે.બી ગઢવી કેશોદ વિભાગ તથા માણાવદર ઈ ડી.જે.ઝાલાના માર્ગદર્શન નીચે નાસતા ફરતા આરોપીઓને પકડવા સુચના આપેલ હોય જે અન્વયે માણાવદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.પી.વી. ધોકડીયા તથા પોલીસ કોન્સ્ટેબલ વિપુલભાઈ રમેશભાઈ ગોહિલ તથા પોલીસ કોન્સ્ટેબલ રવિભાઈ ખીમાભાઈ ધુળા એ રીતે નો પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ વિપુલભાઈ રમેશભાઈ ગોહિલ તથા પોલીસ કોન્સ્ટેબલ રવિભાઈ ખીમાભાઈ ધુળાને સંયુક્ત રાહે બાતમી હકીકત મળતા તેઓએ આરોપી જીગ્નેશ જમનાદાસ કુંડારીયા રહે જીંજરી તા. માણાવદર ની ધરપકડ કરી હતી. તેની સામે જૂનાગઢ શહેર બી. ડીવીઝન અને સુરત શહેર અડાજણમાં ગુના નોંધાયા છે. આ કામગીરી માં અધિકારી-કર્મચારીઓ માણાવદર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.વી.ધોકડિયા તથા પોલીસ કોન્સ્ટેબલ દેવાણંદભાઈ ધરણાતભાઈ પોલીસ કોન્સ્ટેબલ વિપુલભાઈ રમેશભાઈ ગોહિલ તથા પોલીસ કોન્સ્ટેબલ રવિભાઈ ખીમાભાઈ ધુળા એ કામગીરી કરી હતી.અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

પૂર્વ ધારાસભ્યએ દર્દીની સ્થિતિ જોઇ કહ્યું, દાખલ કરો, સારવાર નહિ મળતા મોત

દર્દી મોત સામે જજુમતો હતો અને તબીબો ધારાસભ્ય સાથે બોલાચાલી કરવા લાગ્યા

બી.કે.ન્યૂઝ : ગાંધીનગર

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્થિતિ અત્યંત વિકટ બની રહી છે. દર્દી મોત સામે જજુમતો હોવા છતા તેને તાત્કાલિક સારવાર આપવામાં આવતી નથી. ત્યારે શહેરની સિવિલમાં તાગ મેળવવા પહોંચેલા પૂર્વ ધારાસભ્યએ દર્દીની વિકટ સ્થિતિ જોતા તબીબોને પહેલા સારવાર કરવા રજૂઆત કરી હતી. પરિણામે તબીબ ધારાસભ્ય સાથે ઝગડવા લાગ્યા હતા. જ્યારે તેની થોડી જ મીનીટમાં દર્દીનુ મોત થયુ હતુ.

સિવિલમાં શનિવારના રોજ ૧૫ કરતા વધારે એમ્બ્યુલન્સની લાઈન લાગેલી હતી. જેમાં ત્રણ કરતા વધારે દર્દીની હાલત અત્યંત નાજૂક હતી. જેને લઈને ગાંધીનગર ઉત્તરના પૂર્વ ધારાસભ્ય અશોક પટેલને બાબતની માહિતી મળતા સ્થળ ઉપર પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે આરએમઓ, આસીસ્ટન્ટ આરએમઓ અને સુપ્રિટેન્ડેન્ટને આ બાબતની માહિતીથી વાકેફ કર્યા હતા અને કહ્યુ હતુ કે, તમે દર્દીઓની સ્થિતિ જોઈને પહેલા એડમીટ કરો. ત્યારબાદ તમામ અધિકારીઓ સહમત થયા હતા.

પરંતુ એડમીશન કરાવનાર તબીબ આ બાબતથી સહમત થયા ન હતા.

પોતાના ઉપરી અધિકારીના આદેશને ઘોળીને પી ગયા હતા. જ્યારે જીવન મરણ વચ્ચે જોલા ખાતો દર્દી મોતને ભેટ્યો હતો. જ્યારે બીજા એક કિસ્સામાં દહેગામના ખાનપુરના વતની પિતા અને પુત્ર સંક્રમિત થયા હતા. જેમાં દિકરાની સ્થિતિ વિકટ હતી અને પિતાની સ્થિતિ થોડી વધારે સારી હતી. ત્યારે પિતાની જગ્યાએ પુત્રને પહેલા એડમીટ કરવા સૂચન કર્યુ હતુ, દિકરાના પિતાએ પણ હા પાડી હતી. પરંતુ ડફોળ તબીબના કારણે પિતાની નજર સામે પુત્રએ એમ્બ્યુલન્સમાં જ દમ તોડ્યો હતો. પરિણામે જાડી ચામડીના તબીબે પૂર્વ ધારાસભ્ય સામે પણ બોલાચાલી કરતાની ચાલુ કરી હતી. સુપ્રિટેન્ડેન્ટ માત્ર કચેરીમાં બેસીને તમાશો જોઇ રહ્યા છે.

જ્યારે સિવિલ કંપાઉન્ડમાં જ ટપોટપ મોત થઈ રહ્યા છે. હાલમા પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ સિવિલમા ખડે પગે સેવા આપી રહ્યા છે. વર્તમાન ધારાસભ્ય માત્ર ગ્રાન્ટ ફાળવી જોવા પણ જતા નથી. ત્યારે અશોક પટેલની સેવાની સુવાસ સમગ્ર શહેર અને જિલ્લામાં ફેલાઈ રહી છે.

નર્મદા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધારનાર સામે નર્મદા પોલીસની લાલ આંખ

રાજપીપલા, તા ૨૪

નર્મદા જિલ્લામાં હાલ કોરોના ના કેસો સતત વધી રહ્યા છે. ત્યારે કેટલાક બેદરકાર લોકો શહેરમાંભીડ જમા કરી મોટર સાયકલ પર ફરવા નીકળી પડી તથા ખાનગી વાહનોમાં નિયમ કરતા વધારે પેસેન્જરો ભરીને કોરોના સંક્રમણને વધારવાના પ્રયાસોકરતા આવા ૧૧ ઈસમો સામે નર્મદા પોલીસે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી તેમની સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં આમલેથા પોલીસે વિરપુર ચાર રસ્તા પાસે મોટર સાયકલ પરત્રણ સવારી કરનારા બિન જરૂરી આંટાફેરા મારતા અને જ જિલ્લા મેજીસ્ટ્રેટ જાહેરનામાનો ભંગ કરનારા સામેગુનો દાખલ કરાયો છે.

એજ પ્રમાણે સાગબારા તાલુકાના ચિકાલી ચાર રસ્તા પાસે મોટર સાયકલ પર ત્રણ સવારી કરનારા ઈસમો સામે ફરી યાદ કરી છેએજ પ્રમાણે ગરુડેશ્વર પોલીસે ક્રિષ્ના કાઠીયાવાડી ત્રણ રસ્તા પાસે ત્રણ સવારી મોટરસાયકલ પર ફરતા ઈસમો સામે પણ કાર્યવાહી હાથ ધરી છે.એ ઉપરાંત રાજપીપળા સફેદ ટાવર પાસે આવેલી કાપડની દુકાન માંથી સાતથી વધારે ગ્રાહકો વેચાણ કરતા કોરોનાનું સંક્રમણ વધારતા એમની સામે પણ જાહેરનામા ભંગની પોલીસ ફરિયાદ કરી છે. જ્યારે તિલકવાડા પોલીસે છોટા હાથી ગાડીમાં પાંચથી વધારે માણસો બેસાડી જાહેરનામાનો ભંગ કરતા પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે

જ્યોતિ જગતાપ, રાજપીપલા

ટેલીફોનિક બેસણું

શ્રી દિનેશભાઇ જગન્નાથભાઇ જોષી ના સુપુત્ર

સ્વ.શ્રી ધર્મેશભાઇ નુ (ઉ.૪૦)

નુ બેસણુ તા.૨૬/૪/૨૦૨૧ ને સોમવારે સવારે ૧૦ થી ૧૨ ગાંધીનગર મુકામે રાખેલ છે કોરોનાની મહામારીના કારણે લોકીક ક્રિયા સદંતર બંધ રાખી ટેલીફોનિક બેસણું રાખેલ છે.

લિ. દિનેશભાઇ જગન્નાથભાઇ જોષી : ૯૮૨૫૯૦૪૩૫૯
ધ્રુતિબેન ધર્મેશ જોષી : ૯૫૮૬૬૧૬૯૪૦
મનોજભાઇ દલસુખભાઇ જોષી : ૯૮૨૪૬૫૭૦૮૮
યોગેશભાઇ મનસુખલાલ જોષી : ૯૮૭૯૩૩૧૬૩૬
દિગ્નેશ ભાનુભાઇ જોષી : ૯૯૯૮૮૦૦૨૦૭
નિતેશ ભીખાભાઇ જોષી : ૯૭૨૩૭૭૦૨૬૮
પીયર પક્ષ
પ્રદિપભાઇ કનૈયાલાલ ત્રિવેદી : ૯૮૨૪૦૯૯૧૧૬
ભાવનાબેન પ્રદિપભાઇ ત્રિવેદી : ૯૪૨૭૨૭૨૯૦૭

બ્રાહ્મણ મિત્ર મંડળના મુખ્ય કાર્યકરોમાના એક એવા સ્વ ધર્મેશભાઈ દિનેશભાઈ જોષી (ડી.એસ. સ્ટેશનરી કુડાસણ) અણધારી ઓચિંતી વિદાયથી ખૂબ આઘાત લાગેલ છે. ભગવાન તેમના કુટુંબને આ દુઃખ સહન કરવાની શકિત આપે તેવી ભગવાનને પ્રાર્થના

જય મહાદેવ



એક બહુજ દુઃખદ સમાચાર આવ્યા.આ વાત ઉપર હજુ પણ મને વિશ્વાસ નહી આવતો.છાલક સામયિકના તંત્રી, વાર્તાકાર, લેખક અને એક ઉત્તમ વ્યક્તિત્વ જગદીપ ઉપાધ્યાય હવે આપણી વચ્ચે નથી રહ્યા. મળેલ સમાચાર મુજબ મોડી રાતે હાર્ટ એટેક અને કોરોનાની અસરના કારણે સ્વર્ગવાસ થયેલ છે.

ૐ શાંતિ

દુઃખદ સમાચાર

સ્વ. શ્રી શુભાષચંદ્ર મૂળશંકર પંડયા જે એક નિવૃત્ત શિક્ષક સાથે સાથે શ્રેષ્ઠ કથાકાર, જ્યોતિષાચાર્ય, અને કર્મકાંડી બ્રાહ્મણ તરીકે પણ જેતપુર શહેરમાં પ્રખ્યાત તે છબીલદાસ દેવશંકર ભટ્ટ પરિવારનાં જમાઈ તથા પ્રદ્યુમનભાઈ, કીરીટભાઈ , સ્વ. હરેન્દ્રભાઈ , અશોકભાઈ કિરણભાઈ , સ્વ. હર્ષાબેન ના બનેવી અને અમો ભાઈ બહેનોનાં ફૂવા ટુકી બીમારી નાં કારણે ગઈકાલ તા ૨૪-૪-૨૧ ને શનિવારે રાત્રિ ના રોજ કૈલાસવાસ થયેલ છે.

અમો ભટ્ટ પરિવાર ઘેરા દુઃખ ની લાગણી અનુભવીએ છીએ. પરમ્ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને ચીર શાંતિ આપે એ જ પ્રાર્થના....

અમરેલીમાં જીલ્લા કોંગ્રેસ અને પરીવર્તન ટ્રસ્ટ દ્વારા પ્રાણવાયુ સેવાકેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો

અમરેલીમાં જીલ્લા કોંગ્રેસ અને પરીવર્તન ટ્રસ્ટ દ્વારા પ્રાણ વાયુ સેવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે નેતા વિપક્ષ પરેશ ધાના ણી કોરોનાની કપરી પરિસ્થિતિમાં સેવા યજ્ઞ શરૂ કરી ફરી મેદાને આવ્યા છે કોરોનાના પહેલી લહેરમાં પણ લોકડાઉનના સમયે પણ ઉત્તમ સેવા આપી હતી હવે બીજી લહેરમાં પણ મેદાને આવ્યા છે અને સેવા આપી રહ્યા છે નેતા વિપક્ષ પરેશ ધાનાણી દ્વારા ઓક્સીજન સિલિન્ડર આપીને આજથી સેવા યજ્ઞનો પ્રારંભ કર્યો હતો અમરેલી જિલ્લાના જરૂરિયાત મંદ લોકોને વિનામૂલ્યે આ ઓક્સિજન આપવામાં આવશે ઓક્સિજન સિલિન્ડર સાથે એક સંકલ્પ પત્ર પણ આપવામાં આવશે અને ઓક્સિજન સિલિન્ડરના લાભાર્થીઓને વૃક્ષના રોપ અને ઉછેરે તેવી અપીલ કરવામાં આવી છે. આ ઓક્સિજન સિલિન્ડર માટે જરૂરિયાત મંદ લોકો કોંગ્રેસના નીચે આપવામાં આવેલા આગેવાનોનો સંપર્ક કરી શકશે કોંગ્રેસ કાર્યાલય – અમરેલી (જુના માર્કેટિંગ યાર્ડ) શરદ ધાનાણી,મનસુખ ભંડેરી,જનકભાઈ પંડ્યા,સંદીપ પંડ્યા અને મેવાડાભાઈ તો વડિયા અને કુંકાવાવ માટે ધર્મેન્દ્રભાઈ પાનસૂરિયા (વડિયા) રવજીભાઈ પાનસૂરિયા (કુંકાવાવ)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.